
કિંમત ₹ ૫/-
સળંગ અંક ૭૯ - નવેમ્બર - ૨૦૧૩


# શ્રી સ્વામિનારાયણ

માસિક
પ્રકાશનઃ- દર માસની ૧૧ તારીખે




પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો
૪૧મો પ્રાકટ્યોત્સવ મહોત્સવ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧

Tejendraprasadji

[illegible]

| | | |
|---|---|---|
| પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રીકોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી | પ.પૂ. મોટા મહારાજશ્રી શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી | પ.પૂ. લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી |

Shree Swaminarayan Museum, Opp. Terf School, Naranpura, Ahmedabad - 380013
Shree Swaminarayan Bagh, Memnagar, Ahmedabad - 380052



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૭ ● અંક : ૭૯

નવેમ્બર-૨૦૧૩

(મૂળ વર્ષ ૪૬)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**

તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)



**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | જન્મોત્સવ બન્યો મહોત્સવ ! | ૦૬ |
| ૦૪. | દેવાલય દેવની સ્થૂલ મૂર્તિ | ૧૧ |
| ૦૫. | શ્રીહરિના ૬ઠ્ઠા, ૭માં અને ૮માં વંશજના આશીર્વચન | ૧૩ |
| ૦૬. | દહાડી દહાડી છે દિવાળી | ૧૫ |
| ૦૭. | દીપોત્સવી પર્વ નૂતન વર્ષાભિનંદન | ૧૬ |
| ૦૮. | ભક્તિનું સ્વરૂપ તથા ભક્તિની મહત્તા | ૧૭ |
| ૦૯. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૨૩ |
| ૧૦. | સત્સંગ બાલવાટિકા | ૨૫ |
| ૧૧. | ભક્તિ સુધા | ૨૭ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૩૨ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● વંશ પરંપરાગત દેશમાં રૂા. ૫૦૧-૦૦ ● વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# ॥ અસ્મદીયમ્ ॥

સમસ્ત શ્રી સ્વામિનારાયણ માસિકના વાચકો, લેખકો અને યેનકેન પ્રકારે સેવા કરનાર સૌને સં. ૨૦૭૦ ના નૂતન વર્ષના હેતપૂર્વકના જયશ્રી સ્વામિનારાયણ.

ગત માસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૪૧ મો પ્રાકટ્યોત્સવ ગાંધીનગર ખાતે ઉલ્લાસ ઉમંગ ભેર ઉજવાયો. શ્રીજી મહારાજ ઉત્સવ પ્રિય હતા તેમ તેમના અપર સ્વરૂપોને પણ ઉત્સવ અતિ પ્રિય છે. જન્મોત્સવ નિમિત્ત લાખો ભક્તો ભેગા થાય, પરસ્પર, આદાન પ્રદાન થકી ઉત્સવ-સમૈયાનું હાર્દ સમજાય અને ગમે તેવો જીવ હોય પણ તેને આ સમૈયો અંતકાળે યાદ રહી જાય તો તેનું પણ કલ્યાણ થાય. માટે જ મહારાજે ઉત્સવ-સમૈયા પ્રયોજ્યા છે. આગામી ૨૦૧૪ ડિસેમ્બરમાં અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ નિજ મંદિર જીર્ણોધ્ધારનું કામ પૂર્ણ થતા ભવ્ય મહામહોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની અધ્યક્ષતામાં અને સમસ્ત ધર્મકુળની નિશ્રામાં ધામધૂમથી ઉજવાશે. દેશ-વિદેશના સર્વે હરિભક્તોને પધારવા આગોતરૂ આમંત્રણ છે.

ફરી ફરી નૂતન વર્ષના જયશ્રી સ્વામિનારાયણ.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

## (ઓકટોબર-૨૦૧૩)



૮ પા.ભ. શોભના દિનેશભાઈ ને ત્યાં પધરામણી, સાયન્સ સીટી.

૯ ગાંધીનગરમાં વિવિધ હરિભકતોને ત્યાં પધરામણીઓ.

૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર દેવરાસણ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

મહેસાણા પા.ભ. રમણભાઈ પટેલ (ભાઉપુરાવાળા)ને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી.

૧૩ ૪૧ મો પ્રાકટ્યોત્સવ પ.પૂ.મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં સંત-હરિભકતોની શુભ ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે ધામધૂમથી સંપન્ન થયો.

૧૫ ઓકટોબર થી ૧ નવેમ્બર અમેરિકા સત્સંગ પ્રચારાર્થે પધરામણી.

### પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (ઓકટોબર-૨૦૧૩)

૧૩ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૪૧ મો પ્રાકટ્યોત્સવ પોતાની શુભ નિશ્રામાં ગાંધીનગર ખાતે ધામધૂમથી ઉજવાયો.

૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર નારણઘાટ શરદોત્સવ પ્રસંગે પધરામણી.



# જન્મોત્સવ બન્યો મહોત્સવ !

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (મેમનગર-અમદાવાદ)

સામાન્યતઃ વ્યક્તિનો જન્મોત્સવ એ પારિવારિક ઉજવણીનો પ્રસંગ બની રહે છે. પરંતુ જ્યારે સંપ્રદાયની વાત આવે છે ત્યારે અને જ્યારે બૃહદ સત્સંગ પરિવારનાં સર્વોચ્ચ પદે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી બિરાજતા હોય ત્યારે આવા વ્યક્તિ વિશેષનો જન્મોત્સવ, સમગ્ર સત્સંગ પરિવાર માટે અનોખો ઉત્સવ બની જાય છે.

એમાંય વિજયા દશમી કહેતાં તા. ૧૩-૧૦-૨૦૧૩ ને રવિવારની સલુણી સંધ્યાએ રામકથા મેદાન, ચ રોડ, સેકટર-૧૧, ગાંધીનગર મુકામે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૪૧ મો જન્મોત્સવ સાંજે ૪-૧૫ થી રાત્રિના ૮-૧૫ સુધી જે રીતે સમગ્ર ધર્મકુળ પરિવારનાં સાનિધ્યમાં અને વિશાળ બ્રહ્મનિષ્ઠ સંત સમુદાય અને ભક્ત સમુદાય વચ્ચે ઉજવાયો. એ ઉત્સવ જેણે જેણે જોયો, જાણ્યો અને માણ્યો દર્શન કર્યા એનાં ભાગ્યની તો શી વાત કરીએ - એવો અદ્‌ભુત એ જન્મોત્સવ કહેતાં મહોત્સવ બનીને મહેકી અને મહોરી ઉઠ્યો !

સમગ્ર ઉત્તર ગુજરાત કહેતાં દંઢાવ્ય દેશના અને અમદાવાદ શહેરના ભક્તજનોએ બે વર્ષ પૂર્વે માંગણી કરેલી કે આપશ્રીનો ૪૧ મો જન્મોત્સવ અમારા ૪૧ સમાજના ગામોનાં ભક્ત સમુદાય વચ્ચે અને અમારાં આંગણે ઉજવાય.'' પ.પૂ. મોટા મહારાજશ્રીની અનુમતિ લઈને પરિવર્તનશીલતા જેમને પ્રિય છે એવા પ.પૂ. આચાર્યશ્રી એ એ ઉજવવાની સહર્ષ લીલી ઝંડી આપી અને પછી તો ઉત્સાહી સંતવૃંદ અને ભક્તવૃંદે ભેગાં મળી સર્વાંગ સુંદર રીતે આ જન્મોત્સવ ઉજવાય એ માટેની તૈયારીઓમાં લાગી ગયા.

પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું સ્પષ્ટપણે માનવું છે કે જન્મદિવસ ની ઉજવણી તો એક નિમિત્ત માત્ર છે. પરંતુ એના ભાગરૂપે સમાજની સેવા થાય અને સાથે સાથે ભજન-ભક્તિ પણ અવિરત થતી રહે એવા કાર્યક્રમોનું આયોજન થવું જોઈએ.

એમના આ સંકલ્પને સાકાર કરવા માટે સુંદર આયોજન કરવામાં આવ્યું અને છેલ્લા ૧૮ માસ દરમ્યાન એ સર્વે સામાજિક અને ધાર્મિક કાર્યક્રમો સફળતા પૂર્વક પૂર્ણ થયાં.

**મહોત્સવના ઉપલક્ષમાં થયેલ ધાર્મિક આયોજનો**

(૧) ૧૧ કરોડ ૪૧ લાખ ૪૧ હજાર શ્રીસ્વામિનારાયણ મહામંત્ર લેખન
(૨) ૪૧ હજાર જનમંગલ નામાવલિના સમૂહ પાઠ
(૩) ૧૪૧ મિનિટની ૪૧ ગામે અખંડ ધૂન્ય
(૪) ૪૧ ગામે સત્સંગ સભાઓ
(૫) ૧૪૧ પૂજા પેટી વિતરણ
(૬) ૪૧૦૦ શ્રી વચનામૃતના પાઠ
(૭) ૪૧૦૦ હરિભક્તો દ્વારા સમૂહ પદયાત્રા (શ્રીનરનારાયણદેવનાં દર્શન)
(૮) ૧૧૪૧ શ્રી સ્વામિનારાયણ માસિકના આજીવન સભ્યપદ

**મહોત્સવના ઉપલક્ષમાં થયેલ સામાજિક આયોજનો**

(૧) ૪૧ નિ:શુલ્ક મેડિકલ કેમ્પ
(૨) ૧૧૪૧ બોટલ બ્લડ ડોનેશન
(૩) ૧૪૧ યુવાનોને વ્યસન મુક્તિ
(૪) ૪૧ ગામે ગ્રામ્ય સફાઈ (સ્વાશ્રય દ્વારા)
(૫) ૪૧૦૦ વૃક્ષારોપણ
(૬) ૪૧ ટ્રાઈસિકલ - વિકલાંગોને અર્પણ
(૭) ૪૧૦૦ અનાથ બાળકોને તંદુરસ્ત ભોજન.
(૮) ૪૧૦૦ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધન-સુવિધાનું વિતરણ

સાંજના ૪ વાગતાંથી જ બાઈ ભાઈ ભક્તજનોનો પ્રવાહ વિશાળ શમિયાણામાં ભરાતો ગયો. સાંજે ૫-૦૦ વાગ્યે શ્રીહરિનાં ત્રણેય અપર સ્વરૂપોનું શુભ આગમન થયું. વરિષ્ઠ સંતો અને હરિભક્તો દ્વારા તેઓશ્રીનું સ્વાગત સામૈયું થયું. સુમધુર શરણાઈનાં સૂર અને ફટાકડાંની ધૂમ્રસેરોથી વાતાવરણ અધિક પવિત્ર બની રહ્યું.'' સજની કોડે આનંદ મારે ઘેર શ્રીજી પધાર્યા. ભાઈશ્રી પૂરવ પટેલ અને સાથી મિત્રો દ્વારા નંદસંતોના સુંદર કીર્તનોથી વાતાવરણ ભક્તિ સભર બની ઉઠ્યું. જેવાં એ ત્રણેય અપર સ્વરૂપોએ એમનાં સ્થાન ગ્રહણ કર્યા ત્યારે શ્રી નરનારાયણદેવની જયના ગગનભેદી નારાએ સૌને રોમાંચિત બનાવી દીધાં!

ગરુડાકાર વિશાળ સિંહાસન ઉપર શ્રી નરનારાયણદેવ (ચિત્રપ્રતિમા) બિરાજમાન હતા. સ્ટેજની મધ્યે શ્રીહરિનાં ત્રણેય સ્વરૂપોનાં સિંહાસન અને આજુબાજુ સંત સમુદાય હતો. ૧૭૧ જેટલાં બ્રહ્મનિષ્ઠ સંતો પધાર્યા હતા. કાષાયવસ્ત્રધારી સંતો અને શ્વેતવસ્ત્રધારી પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહરાજશ્રી તથા પૂ. લાલજી મહારાજશ્રી આ સર્વે શોભા એવી દીપી ઉઠતી જાણે કે સ્વર્ગમાંથી પારિજાતક વૃક્ષનું પુષ્પ સદેહે આજે ગાંધીનગર આવી ગયું ન હોય!

બરાબર ૫-૩૦ વાગ્યે જન્મોત્સવ કાર્યક્રમની શરૂઆત થઈ. શા.સ્વા. શ્રી રામકૃષ્ણદાસજીએ (રામ સ્વામી - કોટેશ્વર) સુંદર રીતે સભા સંચાલનનો સંપૂર્ણ દોર સંભાળ્યો હતો. સર્વ પ્રથમ મંદિરના ગોર તથા શ્રીવાચસ્પતિ મિશ્રાજી (પ્રધાનાધ્યાપક સંસ્કૃત મહાવિદ્યાલ જેતલપુર)એ વૈદિક સ્વસ્તિ પૂજન કર્યું. ત્યારબાદ સર્વે વરિષ્ઠ સંતો, યજમાનો તથા ટ્રસ્ટીઓ એ સમૂહમાં પ.પૂ. મહારાજશ્રીની આરતી ઉતારી. ત્યારબાદ સાંજે ૬-૦૦ કલાકે ઉત્સવના ઉપલક્ષમાં થયેલ ધાર્મિક તથા સામાજિક આયોજનોની અર્પણ વિધિ કરવામાં આવી. ૮ થી ૧૦ મિનિટની વિડિયો ક્લિપીંગ દ્વારા આ આયોજનો ની સમજ સમગ્ર સભામાં દર્શાવવામાં આવેલી. આવા સુંદર આયોજનોમાં જે નવયુવાન સંતોએ અથાક પરિશ્રમ કરેલો એ પૈકી. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર), શા.સ્વા. વ્રજભૂષણદાસજી (નારાયણઘાટ), શા.સ્વા. દિવ્યપ્રકાશદાસજી (નારાયણઘાટ), શા.સ્વા. ધર્મપ્રવર્તકદાસજી (ગુરુ સ્વામી), સ્વામી માધવપ્રિયદાસજી (સિધ્ધપુર), સ્વામી હરિકૃષ્ણદાસજી (એપ્રોચ), શા.સ્વા. ગોપાલજીવનદાસજી (મૂળી), શા.સ્વા. કુંજવિહારીદાસજી (કાલુપુર), શા. સ્વામી નારાયણમુનિદાસજી (કાલુપુર), સ્વામી ઋષિકેશપ્રસાદદાસજી (ઈસંડ)

આદિ સર્વે નવયુવાન સંતોને પ.પૂ. મહારાજશ્રી દ્વારા નવાજવામાં આવ્યા. નાનાં છે પણ દિશ સારી છે.'' શ્રીજીનાં આ વચનો જાણે અહીં સાર્થક થયેલાં જાણ્યાં.

સાંજનાં ૬-૩૦ થી મહાનુભાવો તથા સંતો દ્વારા



શુભેચ્છા પ્રવચનોનો દોર શરૂ થયો. મહાનુભાવો પૈકી શ્રી શંકરસિંહ વાઘેલા જેઓ આપણા પરિવારના સભ્ય તરીકે પધાર્યા હતા. એમણે જણાવ્યું કે મોટા મહારાજશ્રીના વાણી, વ્યવહાર અને વ્યક્તિત્વ એવાં ચુંબકીય છે કે જેમણે અસલ સંપ્રદાયની ધરોહરને જાળવી રાખી છે. આવો પવિત્ર વાણી વ્યવહાર ધાર્મિક પરિવારોમાં જવલ્લે જ જોવા મળે.''

ગામો ગામ અને ધામોધામથી સંતો પધાર્યા હતા. કાલુપુર મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, જેતલપુરથી મહંત સ્વામી શ્રી આત્મપ્રકાશદાસજી, દેવપ્રકાશ સ્વામી તથા શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ) ભુજ મંદિરથી મહંત ધર્મનંદનદાસજી સ્વામી, પાર્ષદ જાદવજી ભગતજી સહિત ઘણાં સંતો પધાર્યા હતાં. વડનગર, મૂળી આદિકથી પણ સંતો પધાર્યા હતા. બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજીનું સંત મંડળ, મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજીનું સંત મંડળ, ધ્યાની સ્વામીના સંતમંડળ વતી શ્રી સત્સંગભૂષણ સ્વામી, આદિક સર્વે સંતો પધાર્યા હતા. જન્મોત્સવના મુખ્ય યજમાન પ.ભ. શ્રી ડાહ્યાભાઈ નારણદાસ પટેલ (માણસાવાળા), ભોજન પ્રસાદના મુખ્ય યજમાન ઘુંઘટ હોટલ પરિવાર, ગાંધીનગર તથા સર્વે આયોજનો ના યજમાન તેમજ સહયજમાનશ્રીઓ પરિવાર સહિત પધાર્યા હતા.

સભાની સંવાદિતા એવી સરસ રીતે જાળવવામાં આવી હતી કે એક સંતશ્રીનું શુભેચ્છા પ્રવચન પછી યજમાન દ્વારા પૂજન - એ રીતે ક્રમબધ્ધ કાર્યક્રમ ચાલ્યો. સંતો દ્વારા પ.પૂ. મહારાજશ્રીને ખૂબજ સુંદર શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

**પૂ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી, કાલુપુર મંદિર)** : છેલ્લા દોઢ વરસથી સંતો આ જન્મોત્સવ નિમિત્તેના આયોજનમાં વ્યસ્ત હતા. આ અદ્‌ભુત માનવ મહેરામણ એ નવયુવાન સંતના અથાક પરિશ્રમનો પ્રતાપ છે. આ તો જાણે નરનારાયણદેવનું જ પ્રાંગણ છે. આવા દર્શન બીજે નહીં થાય. ભૂજના આટલા સંતો ક્યારેય જોવા નહી મળે. દેવપ્રકાશ સ્વામી ભલે ભણ્યા નથી પણ ગણ્યા છે. આજે એમની સૂઝ અને ગણતર સ્પષ્ટ જોઈ શકાય છે. નાના પી.પી. તો વ્રજનો કટકો છે - થાકતા જ નથી ! તો રામ સ્વામી સરસ્વતી પુત્ર છે. આ ત્રણેય ત્રિપુટીએ મહોત્સવને ચાર ચાંદ લગાડી દીધાં છે.

**પૂ. ધર્મનંદનદાસજી સ્વામી (મહંત સ્વામી ભુજ મંદિર)** : આ ત્રણેય સ્વરૂપોનાં દર્શન અમને અને તમને થયાં એ મોટાં ભાગ્યની વાત છે. પૂ. આચાર્ય મહારાજશ્રી શ્રીજીની પ્રણાલિકા અનુસાર સંપ્રદાયની વૃદ્ધિ અને પુષ્ટિ માટે સખત પરિશ્રમ કરી રહ્યાં છે. વિદેશમાં પણ મંદિરો કરે છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં આપણો સંપ્રદાય વિશેષ પ્રયત્ન કરે અને દેવ પ્રત્યે અને આચાર્ય પ્રત્યે દૃઢ નિષ્ઠા રહે, કોઈ કાચ્યપ ન રહે અને આપણો સંપ્રદાય ઉજળો ને ઉજળો રહે એવા રૂડાં આશીર્વાદ પ્રાપ્ત કરીએ.''

**પૂ. શા. આત્મપ્રકાશ સ્વામી (મહંત સ્વામી જેતલપુર મંદિર)** : આવી દિવ્ય સભામાં પ્રગટ પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાનની હાજરી હોય તેવી પ્રતીતિ થઈ રહી છે. આપણા પૂ. આચાર્ય મહારાજશ્રીની સરળતાની તો શી વાત કરીએ ? અમે તો એમની સાથે રહીએ છીએ એટલે જાણીએ છીએ. એ તો સ્વામિનારાયણ ભગવાનના પુત્ર છે. એમનાં વિનય-વિવેકની પણ શી વાત કરીએ ? સામે મળે ને સ્વામિનારાયણ ના કહે તો પણ અંતરથી આશીર્વાદ આપી દીધાં જ હોય ! આજે એક સંકલ્પ જરૂર કરજો. જ્યાં ત્યાં ચોખા મૂકવા ન જતા. ગાદી આરુઢ થયે ૯ વર્ષ થયાં છે. ૨૦૦ હરિ મંદિરોની અને ૧૮ નવાં શિખરબધ્ધ મંદિરોની પ્રતિષ્ઠા કરી છે. એમને ગામડા બહુ ગમે છે. એમને બધા પ્રત્યે બહુ જ ભાવના છે, નિખાલસતા છે, ઉદારતા છે. બસ એમના દ્વારા સત્સંગનો અવિરત વિકાસ થાય એ જ પ્રાર્થના !''

**પૂ. હરિકેશવ સ્વામી (સેકટર-૨૩ ગાંધીનગર)** : ''આપણા સંપ્રદાયની વિશેષતા એ છે કે સમાજની સાથે રહીને સમાજની નૈતિક, આર્થિક અને આધ્યાત્મિક ઉન્નતિ થાય એ માટેનો પ્રયત્ન સતત શ્રીહરિ છતાંથી કરવામાં આવી રહ્યો છે. નિષ્ઠા એ આપણું મગજ છે. અને શ્રધ્ધા એ હૃદય છે. આ બંને શ્રી નરનારાયણદેવનાં ચરણોમાં જ નમેલું રહે, ઝાઝાં માથાનું ઠેકાણું નહિ ! મહારાજશ્રી કોઈપણ પ્રકારની પૂર્વ શરત વિના પ્રેમથી બધે જ પધારે છે. હૃદયનો પ્રત્યેક ધબકારો શરીરના અણુંએ અણુંને જીવતાં રાખે છે, તેમ આચાર્ય મહારાજશ્રીનું પ્રત્યેક પગલું

સંપ્રદાય અને સમાજના હિત માટે હોય છે.''

**પૂ. નિર્ગુણદાસજી સ્વામી (અસારવા ગુરુકુળ) :** ''મોટા મહારાજશ્રી અને મહારાજશ્રીને ગમતી વાત ભગવાનનું ભજન છે. ત્યાગ, વૈરાગ્ય અને જ્ઞાન હોય પણ ભગવાનનું ભજન જ ન હોય તો મોક્ષની પ્રાપ્તિ થતી નથી. આજે વિજયાદશમીએ આશ્રિત જનોના અંતઃશત્રુઓનો નાશ થાય એવા રૂડાં આશીર્વાદ પ્રાપ્ત કરીએ.

**પૂ. શ્યામસુંદર સ્વામી (મૂળી મંદિર) :** હે મહારાજ! અમારા લાડીલા મહારાજશ્રીને ખૂબ તંદુરસ્તી આપો અને નિરોગી રાખો અને તેઓ ભક્તોને રાજી કરતા રહે. કેમ કે આ સમયે તો સભાનું ધાર્યું પણ થાય છે.

**પૂ. નારાયણવલ્લભ સ્વામી (વડનગર) :** ૭ મો વાર રવિવાર, ૭ માં વંશજનો જન્મ દિવસ, ૧૩-૧૦-૧૩ = ૩૬ = ૯ નવમીના દિવસે ભગવાનનું પ્રગાટ્ય, આજે જ્યાં જ્યાં નજર ફેરવીએ ત્યાં માત્ર માનવ મહેરામણ જ જોવા મળે છે. જેનો જોટો ન જડે એવાં ધર્મગુરુ આપણને મળ્યા છે. શ્રી નરનારાયણદેવ અને ધર્મગુરુ પ્રત્યે મસ્તક નમે ત્યારે સમજવું કે અક્ષરધામની એન્ટ્રી મળી ગઈ છે ! ગુરુના સ્મરણ માત્રથી આસુરી શક્તિનો વિનાશ ચોક્કસ છે.

**પૂ. સત્સંગભૂષણ સ્વામી (ગાંધીનગર સેક્ટર-૨) :** આજે જન્મોત્સવમાં ૪૧૦૦૦ થી પણ વધારે સંખ્યામાં ભક્તજનો ઉમટી પડ્યા છે. મહારાજશ્રીના ક્રાંતિકારી વિચારો અને પરિવર્તનશીલ સ્વભાવ - એમનાં ગુણગાન ગાવા માટે શબ્દો નથી. કોશલેન્દ્રપ્રસાદજી - જાણે કોશલ પતિ શ્રી રામજી જોઈ લો ! એના શરણાગત થઈને શ્રી નરનારાયણદેવ ગાદી પ્રત્યે દઢ નિષ્ઠા જો રાખીશું તો દશ ઈન્દ્રિયોથી જરૂર છોડાવશે. પતિવ્રતાની ટેક રાખવી.''

મહાનુભાવોમાં નાણાં અને આરોગ્યમંત્રી શ્રી નીતિન પટેલ પણ પધાર્યા હતા. એમણે જણાવ્યું કે જન્મદિન ઉજવણીની સાથે સાથે માનવ સેવા અને ધર્મસેવાનું જે આયોજન કર્યું છે તે આવકારદાયી છે.

સર્વે ભક્તજનો વતી શ્રી ડી.એન. પટેલે (કુંડળ) આભાર વિધિ કર્યો હતો. એન.આર.આઈ. ભક્તો વતી મનજીભાઈ હિરાણીએ પ્રેસિડેન્ટ હ્યુસ્ટન મંદિર અમેરિકા પણ અંગ્રેજીમાં શુભેચ્છા સંદેશ પાઠવ્યો.

સાંજના ૭-૩૦ સુધી આ શુભેચ્છા દોર ચાલ્યો. અંતમાં શ્રી પી.પી. સ્વામીએ આગામી ૪૨ મો જન્મોત્સવ ૪૨ સમાજની મધ્યે - એવા કલોલમાં ઉજવવામાં આવશે એની જાહેરાત કરી. ત્યાર પછી સર્વ પ્રથમ શ્રી લાલજી મહારાજશ્રી, પછી પૂ. મોટા મહારાજશ્રી અને અંતે પૂ. મહારાજશ્રીને આશીર્વચન માટે વિનંતી કરી.

> **ખાસ સૂચન :** શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપોના આશીર્વાદ આજ અંકમાં અલગ પ્રકાશિત કર્યા છે. જે જરૂર વાંચવા અને તેનું મનન અને નિદિધ્યાસ કરવો.

બરાબર રાત્રિના ૮-૧૫ વાગ્યે એક ભક્ત એક મીણબત્તી એમ સમૂહ આરતી કરવામાં આવી. આકાશમાંથી ટમટમતાં તારલાઓ જાણે ધરતી ઉપર આવીને આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતાં હોય એવું સુંદર એ દશ્ય હતું.

સભાને અંતે સુંદર આતશબાજી યોજવામાં આવેલી. અંતે સૌ ભક્તજનોએ મહાપ્રસાદ ગ્રહણ કર્યો. સમગ્ર ઉત્સવ દરમ્યાન શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ઉત્તર ગુજરાત તથા અમદાવાદના સન્નિષ્ઠ યુવાન સત્સંગી બંધુઓએ કાબિલેતારીફ સેવા ખડે પગે બજાવી હતી.

પૂ. મહારાજશ્રીનો આ નવતર અભિગમ જન્મદિનની ઉજવણીનો - એ સાચા અર્થમાં મહોત્સવ બની રહ્યો. ગામો ગામથી શ્રધાળુ ભક્તજનોનાં અંતરને વાંચીએ તો ખબર પડે કે શહેરો કરતાં નાનાં નાનાં ગામોમાં વસતો આપણો આશ્રિત ભક્તજન એ શ્રી નરનારાયણદેવ અને ધર્મવંશના આચાર્યશ્રી પ્રતિ કેવી ઊંડી નિષ્ઠા ને અપાર સ્નેહ ધરાવે છે. ભલે લઘર વઘર કપડાં હોય પરંતુ માત્ર રૂા. ૨૫૦/-માં શ્રી સ્વામિનારાયણ માસિકના આજીવન સભ્યપદ માટે બહેનો અને ભાઈઓની લાંબી કતાર જોઈએ તો લાગે કે આપણે શહેરમાં વસનારા ભક્તો જાણે એમનાંથી ક્યાંય પાછળ છીએ !

આ પ્રસંગમાં સુંદર સામાજિક પ્રવૃતિ પણ થઈ. ૮૦૦ જેટલા લોકોએ સ્વાસ્થયનું નિદાન અને ૨૦૦ ઉપરાંત લોકોએ બ્લડ ડોનેટ કરીને સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું.

અંતમાં એટલું જ કહેવાનું કે મનનાં ખોટા ઘાટ

સંકલ્પો તથા બુદ્ધિનાં તર્ક વિતર્કોને બાજુએ મુકીને આપણા સંપ્રદાયનાં સર્વેસર્વા એવાં નિર્માની, વિવેકી, સહૃદયી તથા સરળ એવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજીના જન્મોત્સવ પ્રસંગે એમનાં દર્શને પણ આવીએ તો અંતરની સર્વે ગાંઠો આપોઆપ ઉકેલાઈ જાય. અને અંતરમાં અહોપણાની કુમાશ જરૂર વર્તાય, જરૂર હોય છે માત્ર હાજરીની.

આવો આગામી ૪૨ મો જન્મોત્સવ પણ આવી જ રીતે અપરંપાર આનંદપૂર્વક આપણે સૌ ભેગાં મળીને ઉજવીએ.

**આયો રે આયો રે ઉત્સવ આયો રે ।**
**ભાયો રે ભાયો રે મનડે ભાયો રે ॥**

મહોત્સવ દરમ્યાન રસોડા વિભાગમાં સુંદર આયોજનમા સ્વામી ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા), સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજી (કાલુપુર), સ્વામી મુકુંદપ્રસાદદાસજી (કાલુપુર), સ્વામી અનિરૂદ્ધપ્રસાદદાસજી (ધોળકા) આદિક સંતોની સહયોગી સેવા અવર્ણનીય રહી હતી.

●

**૪૧ માં જન્મોત્સવના આયોજક અને વ્યવસ્થાપક સંતો**

- સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (મહંતશ્રી નારાયણઘાટ)
- સ.ગુ. શા. પી.પી. સ્વામી (મહંતશ્રી નારાયણઘાટ)
- સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)
- સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર)

તથા

- શ્રી સ્વામિનારાયણ મંદિર - નારાયણઘાટ તથા સમસ્ત સત્સંગ સમાજ - અમદાવાદ શહેર તથા ઉત્તર ગુજરાત

તથા

- શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - અમદાવાદ દેશ આદિકને કોટી કોટી અભિનંદન સાથે ધન્યવાદ.

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૧ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ માસિકના આજીવન સભ્યો બનાવનાર અને સૌજન્ય સેવા આપનારની યાદી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૧ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ માસિકના કુલ ૧૧૪૧ આજીવન સભ્યો બનાવવા પૂ. દેવ સ્વામી અને પૂ. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) અને અમદાવાદ શ્રીનરનારાયણદેવ યુવક મંડળે ખૂબજ પરિશ્રમ કરીને ઝુંબેશ ઉપાડેલી. તેમાં જેઓએ આજીવન સભ્ય બનાવ્યા અને સૌજન્ય સેવા આપી તે નીચે મુજબ છે.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ બાપુનગર કુલ ૯૧૦ સભ્યોને (સભ્ય દીઠ) રૂા. ૧૫૦/- સૌજન્ય ભેટ આપી છે. સાથે સાથે સભ્યો પણ બનાવ્યા છે. અનેકાનેક ધન્યવાદ.

શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ તરફથી સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી અને સ.ગુ. મહંત શા.સ્વા. પી.પી. સ્વામીની પ્રેરણાથી કુલ ૫૪૪ સભ્યોને રૂા. ૫૦/- મુજબ સૌજન્ય સેવા આપી છે.

રાણીપ અમદાવાદના પ.ભ. રાજેશભાઈ અને પ.ભ. પિંકેશભાઈ તરફથી કુલ ૫૨૭ સભ્યોને રૂા. ૨૬,૩૫૦/- સૌજન્ય સેવા મળી છે. તેમને પણ ખૂબ ખૂબ ધન્યવાદ છે.

ફુલ મંડળીના બહેનો દ્વારા રૂા. ૧૫૦/- સૌજન્ય સેવા આપીને કુલ ૪૮ સભ્યો બનાવ્યા છે. બહેનોને ખૂબ ખૂબ ધન્યવાદ.

વડનગર મંદિરના આપણા સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીએ રૂા. ૨૦૦/- સૌજન્ય સેવા આપીને ૩૧ આજીવન સભ્યો બનાવ્યા છે. સંતોની પ્રવૃતિ દરેક માટે પ્રેરણારૂપ છે.

સાબરમતી-ચાંદખેડા શ્રી નરનારાયણદેવ યુવક મંડળે ૫૦ ઉપરાંત સભ્યો બનાવ્યા છે. હ. પ.ભ. સુમનભાઈ પટેલને ખૂબ ખૂબ ધન્યવાદ.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ નરોડા દ્વારા પણ ૨૬ સભ્યો થયા છે. હ. પ.ભ. કૌશિકભાઈ પટેલ, બાયડ આકરૂંદના પ.ભ. ચંદ્રેશભાઈ પટેલ દ્વારા ૫૦ જેટલા સભ્યો થયા છે.

પ.પૂ. લાલજી મહારાજશ્રી આ સુંદર પ્રવૃતિથી ખૂબજ રાજી થઈને સંત-હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવે છે.

# દેવાલય દેવની સ્થૂલ મૂર્તિ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



વૈદિક પરંપરાગત આપણા આર્ષદૃષ્ટા ઋષિયો - મુનિયો - વિદ્વાનો એ મંદિરનો આકાર રચના અને વ્યવસ્થામાં ભારતીય શિલ્પ શાસ્ત્ર, વાસ્તુ શાસ્ત્ર અને જ્યોતિષ શાસ્ત્રનો સુભગ સમન્વય કર્યો છે. ઉત્તર અને દક્ષિણના પ્રાન્તોના આકારમાં ભિન્નતા જોવા મળશે પણ ત્રણ શાસ્ત્રોને ધ્યાનમાં રાખીને રચનાઓ કરી છે. હિન્દુ, જૈન અને મુસ્લિમ ધર્મો જુદાં જુદાં છે પણ રચનામાં ઉપરના ત્રણ શાસ્ત્રોનો આધાર લેવામાં આવેલ છે. તેમાં જૈન ધર્મના અનુયાયીઓ અક્ષરશઃ અનુસરણ કરે છે.

આપણા નંદ સંતો ત્રણેય શાસ્ત્રોનું તલ સ્પર્શી જ્ઞાન ધરાવતા હતા એથી નંદ સંતોના સમકાલીન નિર્માણ થયેલ મંદિરોમાં સમ્પૂર્ણપણે વાસ્તુ, જ્યોતિષ અને શિલ્પનો સમન્વય કર્યો છે. વાસ્તુ એટલે વ્યવસ્થા, જ્યોતિષ એટલે દિશા મુજબનો માપ સાઈઝ, શિલ્પ એટલે કલાકૃતિ આકૃતિ. નંદ સંતોમાં પણ સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામી સર્વશ્રેષ્ઠ તજજ્ઞ સંત હતા. અન્ય સંતો તેમની પાસેથી શિખતા. બીજા સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી કચ્છ ધમડકામાં રહીને ૧૪ વિદ્યામાં પારંગત થયા હતા. એટલે ત્રણેય શાસ્ત્રો ભણ્યા. વળી સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી જન્મથી સુથાર પરિવારના જાણકાર રહ્યાં છે.

દેવાલય મંદિરના નિર્માણથી આરંભીને પ્રતિષ્ઠા પર્યન્ત મંદિરના દેવ સ્વરૂપ જેમ વિવિધ તત્વોથી યથા સમયે અનુક્રમે સ્થાપના પ્રતિષ્ઠા આદિ કરવામાં આવે છે. એમ દેવાલય દેવ મૂર્તિનું વિશાળ-સ્થૂળ સ્વરૂપના આધારે આકાર કલાકૃતિ આદિ રચનાઓ કરીને તેમાં જે તે અંગ ઉપાંગનું આવાહન પૂજન અર્ચન સ્નાન વિધિ પૂર્વક સ્થાપના કરવામાં આવે છે. જેમ મૂર્તિની અખંડિતતા - મર્યાદા જાળવવામાં આવે છે એમ મંદિરની અખંડિતતા, પવિત્રતા, સ્વચ્છતા, સારસંભાળ રાખવી પડે છે.

મંદિરના પાયામા નવ શિલાઓ સોળથી અંકિત કરેલ હોય જે ભગવાનના ચરણ છે. પાયો - જંઘા, દાસો-કટી પ્રદેશ. દાબડી-કંઠ, કુંભી-કોણી, થાંભલાઓ (ચોકી-હાથ), ગર્ભગૃહ - મુખ, ઝાલર, ઘંટડી, ઘંટ-જીભ, મધ્યમાં અખંડ દિવો - પાંચ (નૈવેદ્ય) પ્રાણ છે. સિંહાસનની પીઠીકા બેઠક - હૃદય, મૂર્તિ - આત્મા, મુખ્ય દ્વાર - નાભિ. બારી - કાન. કપોત પાળી (કેવાળ), ખંભા. મંડપ - ઉદર. કળશ - મસ્તક. પ્રલય - માંસ મજ્જા, શિલા - અસ્થિ. એકથી એક પથ્થરને જોડનાર ધાતુના ખીલા - સ્નાયુ, શિખર - નેત્ર, ધ્વજા - કેશ (વાળ). પીઠીકામાં જે તે દેવના વાહન રાખવામાં આવે છે. જેને સિંહાસન કહેવાય છે. સિંહનું આસન એને સિંહાસન કહેવાય.

બાંધણું- યજ્ઞોપવિત. મૂર્તિના ચરણની નીચે રસના પ્રતિકરૂપે પારો. અને સુવર્ણાદિક ધાતુઓ - હિરા માણેક રત્નો મુકવામાં આવે છે. જેમ આપણા શરીરમાં બધાજ મિનરલ્સ વિટામીન રહેલા છે એ રીતે પધરાવવામાં આવે છે. તથા ભગવાનના ચાર આયુધોનું આવાહન કરવામાં આવે છે. દેવાલયના શિખરમાં ચાર દિશાના દિગ્પાલ દેવોની સ્થાપના કરવામાં આવે છે. તેમજ ૬૪ જોગણીની આઠ દિશાઓમાંથી મલીન તત્વો થકી રક્ષા કરવા પધરાવવામાં આવે છે. વળી મધ્ય શિખરમાં અદધે વીર આકૃતિવાળો સુખનાદનો સિંહ મુકવાનો હેતુ શૌર્યનું પ્રતિક છે. દેવાલયના પગથીયાંની ગણના એક એક પગથીયું જે તે શક્તિનું પ્રતિક રૂપે છે. પ્રથમ સોપાન (પગથીયું) રાજા બીજું યમરાજા, ત્રીજું ઈન્દ્ર છે. એટલે દેવાલયના પગથીયાં ત્રણ અથવા ચાર અથવા છ - સાત અથવા નવ - દશ અને બાર હોવા જોઈએ. ત્રણ ત્રણની જોડી ના તબક્કે જોવા મળશે. મંદિર અથવા કોઈ મકાન ઈમારતના પગથીયાં બે - પાંચ - આઠ - અગીયાર ન હોવા જોઈએ એટલે કે છેલ્લું પગથીયું યમનું ના હોવું જોઈએ. કાં તો ઈન્દ્ર કાં તો રાજા હોવું જોઈએ. મંદિરમાં છેલ્લાં પગથીયાંને ભક્તો પગે લાગતા હોય છે. કેમ કે તેમાં ઈન્દ્રદેવનો વાસ હોય છે. તથા વૈષ્ણવ સંપ્રદાયની માન્યતા મુજબ પ્રભુજી વિચરણ કરીને પગથીયાં ચડીને મંદિરમાં પધારે છે. તેથી પ્રસાદીના બધા જ પગથીયાંને વંદન કરતા હોય છે. શરીરમાં જેમ ઈન્દ્રિયો અંતઃકરણના દેવો રહ્યાં છે એમ થાંભલાની ઉપર પૂતળીઓ રૂપે દેવોની સ્થાપના કરવામાં આવે છે. મંદિરના એક એક ભાગનો સ્પર્શ કરવો કે દર્શન કરવા એ પરમાત્માના અંગો અંગના સ્પર્શ દર્શન છે. એથી તો આપણા શાસ્ત્રોમાં વિધાન છે કે, જ્યારે જ્યારે મંદિરની મરામતની આવશ્યકતા પડે ત્યારે ત્યારે તે તે અંગમાં બિરાજમાન દેવોની ચાલન વિધિ કરીને મરામત પૂર્ણ થયા બાદ પુનઃ સ્થાપના કરવામાં આવે છે. એટલા માટે મંદિરની સફાઈ કરતાં ભેગી થયેલી રજ પણ દિવ્ય માનવામાં આવે છે. ઘણા જાણકાર ભક્તો આવી પ્રસાદીને રજને પવિત્રતા ને માટે ઘેર રાખતા હોય છે. આવી રજના સ્પર્શથી અશક્ય અસાધ્ય કામો સફળ થાય છે. મંદિમાં દર્શન કરવા જઈએ ત્યારે સર્વ પ્રથમ આખા મંદિરને ભગવાનનું સ્થૂળ માનીને આદરપૂર્વક દર્શન કરવા પછી પગથીયાનો સ્પર્શ કરીને ઠાકોરજીનાં દર્શન કર્યા બાદ નિગર્મન સમયે પણ પુનઃ ધજા કળશ સહિત મંદિરનાં ભાવ પૂર્વક દર્શન કરવાં. અખંડ દિવો મૂર્તિની સન્માન ડાબી બાજુ રાખવો. દીપ ઠાકોરજીનું નૈવેદ્ય છે. દિવામાં ઘી આપવાથી ભગવાનના થાળથી અધિક ફળ મળે છે. દીપ પરબ્રહ્મનું અપર સ્વરૂપ છે. આપણા જપ, તપ, વ્રતાદિદીપ દ્વારા પરમાત્માને સમર્પિત થાય છે. દીપને વંદન પરમાત્માને વંદન તુલ્ય છે.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.info**

**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫
● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૩૦ ● શયન આરતી ૨૦-૧૫

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**

shreeswaminarayan9@gmail.com

# શ્રીહરિના ૬ઠ્ઠા, ૭માં અને ૮માં વંશજના આશીર્વચન

(સંકલન - ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર))



તા. ૧૩-૧૦-૨૦૧૩ ને રવિવારની જાહેર રજાના દિવસે ગુજરાતની રાજધાની ગાંધીનગર મુકામે સત્સંગના ઉત્તર વિભાગની રાજધાની અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૪૧ મો પ્રાગટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો. વિદ્વાન બ્રહ્મનિષ્ઠ સંતોના મુખેથી સત્સંગની પાયાની વાતો સાંભળી, ધર્મકુળના મુખેથી અમૃતવાણી સાંભળી. જેઓ હાજર ન રહી શક્યા તેઓ માટે અત્રે આશીર્વચનનો અંશ પ્રસ્તુત કરું છું.

પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રમૂજ કરતા કહ્યું કે અમે ઉંમરમાં નાના તેથી પૂ. બાપુજીના જન્મ દિવસે તેઓને ન આપી શકીએ આશીર્વાદ કે ન આપી શકીએ **Gift.** કારણ કે **Gift** આપવા જઈએ તો તેઓની પાસેથી જ માગીને પાછી તેઓને આપવાની થાય ! પૂ. બાપુજી નિર્માની પણાના ગુણને તથા સત્સંગ સેવાના ગુણને બિરદાવીને પોતાને પણ એ માર્ગે ચાલવાનું બળ મળે તેમજ પૂ. બાપુજીનું દીર્ઘાયુષ તથા શરીર સ્વાસ્થય ખૂબ સારું રહે એવી શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરી હતી.

**પ.પૂ. મોટા મહારાજશ્રીએ પોતાના જીવનમાં કદાચ સૌ પ્રથમ વાર આજે ઉભા થઈને આશીર્વચન પાઠવ્યા હતા.** તેઓએ કહ્યું કે અમારું તમને સૌને દર્શન થાય એ માટે અમે ઉભા નથી થયા પરંતુ અમે આજે ઉભા એટલા માટે થયા છીએ કે સભામાં હાજર આપ સૌનું દર્શન અમને બરાબર થાય ! આજની આ સભા અને અક્ષરધામની સભામાં લેશમાત્ર ફેર નથી. હા, ફેર એટલો છે કે આ સભામાં અમે સ્ટેજ ઉપર છીએ જ્યારે આપ સૌ નીચે બેઠા છો. પરંતુ અક્ષરધામમાં અમે ને તમે સૌ સાથે બેસવાના છીએ. ત્યાં ફક્ત મહારાજ ઉંચી ખુરશી પર બેઠા હશે. અમે જ્યારે આચાર્યપદ પર હતા ત્યારે ઘેરથી મંદિર જવા નીકળતા તે સમયે અમારા માતુશ્રી ઉપર બારી પર બેઠા હોય ત્યાંથી અમને બે હાથ જોડી માથુ નમાવતા. અમે પૂછતા, બા ! આ ઉલ્ટી ગંગા કેમ ? અમારે તમને માથું નમાવવાનું હોય કે તમારે અમને ! ત્યારે તેઓ કહેતા કે અમે અમારા પુત્રને માથું નથી નમાવતા અમે તો આચાર્ય મહારાજશ્રીએ મસ્તક પર લાલ પાઘ પહેરી હોય ત્યારે આચાર્યશ્રી તરીકે માનીએ છીએ અને માથું નમાવીએ છીએ અમે નિવાસ સ્થાને જ્યારે સાથે જમવા બેઠા હોઈએ ત્યારે આમને દીકરા તરીકે માનુ છું પણ અત્યારે

નરનારાયણદેવની ગાદીના આચાર્ય તરીકે માનીએ છીએ. એટલે આચાર્યશ્રીની આપણે જે આરતી ઉતારીએ છીએ તે કોઈ વ્યક્તિ પૂજાની આરતી નથી. પરંતું મહારાજે આપેલી લાલ પાઘ - આચાર્ય પદની આરતી છે.

અમારા બાપુજીને શરીરમાં ડાયાબિટીસ, બી.પી. એવી થોડી તકલીફો હતી. તેઓની તકલીફ જોઈને અમે નાનપણથી જ નક્કી કરેલું કે અમારે અમારા શરીરમાં આ તકલીફ આવવા દેવી નથી. તેથી નાનપણથી જ કસરત વગેરે કરીને શરીરને ફીટ રાખેલું. મહારાજે શિક્ષાપત્રી લખી તેમાં એક કલમ એવી લખવી જોઈતી હતી કે અમારા આચાર્યે પોતાનું શરીર ફીટ રાખવું. કારણ સત્સંગીઓને રાજી કરવા હોય તો પધરામણી વગેરેમાં શરીર ફીટ જોઈએ. આચાર્ય મહારાજશ્રીને પણ અમે નાનપણથી આ વાત શીખવી છે. એટલે તેઓનું શરીર ખૂબ સ્વસ્થ અને તંદુરસ્ત છે. ચિ.લાલજી મહારાજશ્રીને પણ વ્યાયામ કસરતમાં ખૂબ રૂચિ છે. હજુ પણ તેઓ સત્સંગની ખૂબ ઉન્નતિ અને પ્રગતિ કરતા રહે એવી શ્રી નરનારાયણદેવના ચરણ કમળમાં પ્રાર્થના કરું છું.

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ** પોતાના આશીર્વચનમાં જણાવ્યું કે, મહારાજે શિક્ષાપત્રીમાં સૌ પ્રથમ આપણને એક સારા માણસ બનવાનું શિખવ્યું છે. અહિંસા આદિક માનવતાના પાઠ સૌ પ્રથમ શીખવાડ્યા છે. પછીના શ્લોકોમાં મંદિરે જવાની આજ્ઞા કરી છે. ઘણાં લોકો આ સ્ટેપ મૂકીને સીધા મંદિરે આવી જાય છે. પછી થાય શું ? તેઓના ઘર-પરિવારના સંસ્કારમાં કંઈ ઠેકાણું ન હોય અને મંદિરે આવીને અમારું ગળુ ઝાલે. તેઓનું શરીર મંદિરે આવતું હોય છે. મન મંદિરે આવતું હોતું નથી. આવા લોકને મંદિરમાંથી કાઢી મૂકાય તો નહિ. પરંતુ તેઓ પોતાની મેળે જ દેવથી જુદાં પડીને જતા રહેતા હોય છે.

દરેક વસ્તુમાં સંયમ રાખવો પડે છે. આખી થાળી મળી એટલે કંઈ આખી થાળી ખાઈ ન જવાય. બીજા માટે અડધી રાખવાની હોય છે. આખી ખાઈ જઈએ તો વજન વધી જાય. બાજુમાં ગરબાવાળાનો ટાઈમ થઈ ગયો. અવાજ આવવા માંડ્યો. આપણે તેઓને પણ નડીએ નહી એ પણ એક માનવતા જ છે ને ! અહીં અમારા તરફથી જ તમારો ટાઈમ વધારે લેવાઈ ગયો એટલે તમને પણ હવે સંયમની પાળ ન રહે એ સ્વભાવિક છે. ભૂખ ખૂબ લાગે એટલે પછી તૂટી પડવાનું મન થાય. બાપુજીએ અમને દરેક નાની-મોટી વાત શીખવાડી છે. કસરતના તેઓ ખૂબ આગ્રહી. આજે પણ અમે એ ક્રમ જાળવી રાખ્યો છે. અને હવે તો અમે પણ તેઓને રિવર્સ કસરતનો આગ્રહ કરીએ છીએ. હમણાં જ તેઓએ પાંચ કિલો વજન ઘટાડી દીધું. લાંબા આયુષ્યમાં અમે બહુ માનતા નથી. જેટલું પણ જીવીએ તેટલું સ્વસ્થ રહીને સત્સંગની સેવા કરીએ એટલી જ મહારાજને પ્રાર્થના છે.

હોસ્પિટલની જે વાત થઈ એ સંકલ્પ પૂ. બાપુજીએ અગાઉ ઘણા વર્ષો પહેલા કરેલો જ છે. આપણે દર્દીઓની સેવા કરીએ તો ઠીક છે. પરંતુ લોકો બિમાર જ ઓછા પડે તેવી જીવન રીતિ જીવતા લોકોને શિખવાડવાનું છે અને મહારાજે તે માટેની કલમો પણ લખેલી જ છે. પૂ. બાપુજીના નામની સ્મૃતિ સાથે મેડીકલ સંકુલ - રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ બનશે. જે માટે આપણી પાસે નારણપુરા વિસ્તારમાં જમીન પણ છે.

આપણા દરેક મહોત્સવો ઉત્તરોત્તર સારાને સારા થતા રહ્યાં છે. હાલમાં આપણા શ્રી નરનારાયણદેવ કાલુપુર મંદિરના જીર્ણોદ્ધારનું કામ ચાલું છે. નવું ઉભું કરવું તેના કરતા જીર્ણોધ્ધારનું કામ બહુ કઠિન હોય છે. શ્રીનરનારાયણાદિકની મૂર્તિઓને સહેજ પણ ટચ ન થાય તેમજ હરિભક્તોને પણ નિત્ય દર્શનની સુવિધા સચવાઈ રહે તે રીતે કામ કરવાનું હોય છે.

આ કામ પુરુ થાય એટલે તે નિમિત્તનો પણ શ્રી નરનારાયણદેવનો મહોત્સવ આપણે આગામી ૨૦૧૪ ના ડિસેમ્બરમાં ઉજવવાનો છે. કારણ કે આપણો એક એક શ્વાસ શ્રી નરનારાયણદેવની કૃપાને આધારે છે. નરનારાયણદેવનું આપણા ઉપર ખૂબ મોટું ૠણ છે. અમે વારંવાર કહેતા આવ્યા છીએ કે શ્રીજી મહારાજ અને શ્રીનરનારાયણદેવમાં અણુંમાત્ર ફેર નથી.

દેશ-વિદેશ, શહેર-ગામ દરેક જગ્યાએથી પધારેલા સંતો-ભક્તોનું મહારાજ ખૂબ સારુ કરે, મંગળ કરે, શ્રેય કરે અને આપ સૌની દરેક શુભકામના પરિપૂર્ણ કરે એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના....

# દહાડી દહાડી છે દિવાળી

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (મેમનગર-અમદાવાદ)

દિવાળી એટલે પ્રકાશનું પર્વ, तमसो मा ज्योतिर्गमय વેદની આ ઋચાને જીવનમાં રીફ્રેશ કરીને, અંતરને ઉજાળવાનું પર્વ એટલે દીપાવલી.

અમાવાસ્યા ગમે તેટલી આક્રમક કેમ ન હોય, પરંતુ એણે પ્રભાતનાં પહેલાં કિરણને આવકારી આભના ફલકને ત્યજી દેવો પડે ! પ્રકાશની પ્રતિક્ષા કરવાના માણસના ધૈર્યની અંધકાર તો એક કસોટી માત્ર છે. અજ્ઞાનરૂપી અમાવસ્યાને શ્રીહરિનાં વચનોરૂપી સત્સંગદીપ પ્રગટાવીને દૂર કરીએ તો પરમેશ્વરના મનોહર સ્વરૂપની પ્રતિપદા આપો આપ અંતરમાં પ્રજવળતી રહે !

દીપોત્સવી એટલે વર્ષપરિવર્તનનો સંધિકાળ અને વર્ષ પરિવર્તન એટલે આત્મદર્શનનો અણમોલ અવસર.

સમગ્ર વિશ્વમાં મંદી અને ભારતવર્ષમાં મોંઘવારી એ માઝા મૂકી છે ત્યારે સાચું પૂછો તો દિવાળી તો ગરીબો નો દિ વાળી દે છે ! પરંતુ આપણે સહુ ખૂબ જ ભાગ્યશાળી છીએ કે પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાને સત્સંગની અમૂલ્ય ભેટ આપી છે. અને તેથી જ સત્સંગને યોગે કરીને તો બારેય માસ દિવાળી જ છે અને કુસંગને યોગે કરીને તો હંમેશા હોળી જ હોય ! સત્સંગી માત્રને તો,

**"સો કરોડ દિવાળી ને દશરા ક્રોડ હજાર.**
**એ થકી પણ આ સમે, આનંદ અપરંપાર !"**

આપણા સત્સંગમાં તો સુખ, સુખ અને માત્ર સુખ જ છે. બસ, જાતે ખોતરીને દુઃખ પીડા ઊભી કરવાની પ્રેરણા ક્યાંયથીય પ્રાપ્ત ન થાય એવી પરમાત્મા શ્રીહરિને આ શુભ પર્વ નિમિત્તે પ્રાર્થના કરીએ.

નિત્ય વ્યવહાર નિર્મળ, પરિશુદ્ધ, કર્તવ્યનિષ્ઠ, સદાચાર યુક્ત અને ધર્મમય બને એ જ જીવનની સાચી ઉપલબ્ધિ છે. દીપોત્સવીનું પર્વ એટલે આગામી ૩૬૫ દિવસો દરમ્યાન, શ્રીહરિએ કંડારેલી કેડીએ-પવિત્રતા પૂર્વક ચાલીને જીવન વ્યવહાર નિભાવવાની પ્રતિક્ષા અને પ્રતિજ્ઞા કરવાનું પર્વ !

જીવનમાં એકલાં લાભની જ "એન્ટ્રીઓ" નહીં પણ શુભત્વ ભૂષિત લાભ તથા સૌજન્યશીલ વ્યવહાર જ આવકાર્ય છે. દિવાળીના દિવસોમાં આંગણિયે શુભ-લાભનાં સાથિયા પૂરીએ છીએ, રંગોળી કરીએ છીએ અને દીવડા પ્રગટાવીને પ્રકાશનાં પર્વને આવકારી છીએ ત્યારે નૂતન વર્ષથી સાધુ કે હરિભક્તનાં માત્ર શુભ ગુણોને સત્કારીને સત્સંગમાંથી આત્મશ્રેય પામવાનો સંકલ્પ કરીશું તો અંતરના આંગણિયે શ્રીજી મહારાજ ઘડીયે છેટાં રહેશે નહિ !

શ્રીહરિએ પ્રગટાવેલ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનાં ઉજાસને જીવનમાં ઉતારી આકાશ સરીખા સર્વવ્યાપી શ્રીહરિનાં મહિમાને જેવો છે તેવો યથાર્થ જો સમજીએ તો શ્રીહરિ નિત્ય ઢૂંકડા જ છે. દીપોત્સવી પર્વની આથી વધુ સારી સાર્થકતા બીજી હોઈ પણ ન શકે.

બ્રહ્માનંદ સ્વામી કહે છે તેમ, "હે મહારાજ ! તમે જ્યારે જ્યારે મારે ઘેર આવો છો ત્યારે મારે દિવાળી જ છે." પ્રેમાનંદ સ્વામીને પણ આવું જ વર્તાય છે. અને કહે છે કે, "મારે તો ભગવાનનાં દર્શન થાય એટલે હરહંમેશ દિવાળી - મુખારવિંદ જોતાં જ અંતર આનંદથી છલોછલ બની જાય છે !"

**"રાજ મારે દિન દિન દિવાળી**
**વહાલાં મળતાં તમને વનમાળી,**
**મોહન આવ્યાં તમે મંદિરીએ**
**કાજુદીપ તણાં ઉત્સવ કરીએ."**

●

**"દીઠે દિવાળી રે ગિરિધર, દીઠે દિવાળી રે,**
**આનંદ આજ ઘણો અંતરમાં, મોહન મુખ ભાળી રે**
**બ્રહ્માનંદના રે વહાલા, તમ સંગ રમતાં મારે**
**દહાજી દહાડી છે દિવાળી.**
**હૈડામાં મુને વહાલાં લાગો છો વનમાળી !"**

"જે દિવસથી સર્વાવતારી શ્રીહરિ મળ્યા, સત્સંગની ઓળખ થઈ - પરમ કલ્યાણકારી શ્રી નરનારાયણદેવની પ્રાપ્તિ થઈ - તે દિવસથી જ આપણા મંગલમય નૂતન વર્ષનો પ્રારંભ થઈ ચૂક્યો. સત્સંગી માત્રે હંમેશા અહો અહોપણું રાખવું અને સત્સંગની મસ્તીમાં મસ્ત રહેવું."

નૂતન વર્ષના નવીનતમ્ પ્રભાતે શ્રી નરનારાયણદેવનાં મંગલમય દર્શન કરતી વેળા, આપણા સૌનાં પથદર્શક પ.પૂ. મોટા મહારાજશ્રીનાં ઉપરોક્ત આશીર્વચનોને જીવનમાં સાર્થક કરવાનો સંકલ્પ કરીશું તો સત્સંગી માત્રને

**"દહાડી દહાડી છે દિવાળી"**

# દીપોત્સવી પર્વ નૂતન વર્ષાભિનંદન

- મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

"દિલમાં દીવો કરો તો પગલે પગલે પ્રકાશ ફૂટે"

ટોડલે ટોડલે દીપ પ્રગટાવો અને અંતરમાં ઘોર અંધારું હોય તો એનો અર્થ કાંઈ નહિ. ગોખમાં નહિ, પરંતુ દિલમાં દીવો કરવાનો સમય હવે પાકી ગયો છે. દીપોત્સવી એટલે પ્રકાશનો ઉત્સવ ! આનંદ અને ઉલ્લાસનો ઉત્સવ ! જે આસો વદ એકાદશીથી અમાવાસ્યા સુધીનું ઉત્સવ પંચક છે. એકાદશી અને વાઘ બારસથી જ આ ઉત્સવનો પ્રારંભ થાય છે. આ પર્વને 'દીપાવલિકા', સુખરાત્રિ કે યક્ષરાત્રિ કહેવામાં આવે છે.

નૂતન વર્ષનું પદાર્પણ થઈ ચૂક્યું છે. આપણું સમસ્ત જીવન સદ્‌વિચાર અને સદાચારથી સુરભિમય બને તેવો સન્નિષ્ઠ પ્રયત્ન કરીએ. નૂતન વર્ષે આપણે સૌ સદ્‌ધર્મરૂપી નૌકામાં બેસીને, જિંદગીનું સુકાન સદ્‌ગુરુરૂપી નાવિકને સોંપી આપણી 'જીવનનૈયા'ને મોક્ષરૂપી દીવાદાંડી સુધી લઈ જવાનો હૃદયપૂર્વકનો પુરુષાર્થ આદરીએ. વિવેકપૂર્વક જીવવાની જીવનકળા નૂતન વર્ષમાં આપણને સહુને પ્રાપ્ત થાઓ.

નૂતન વર્ષ સર્વને સુખ-શાંતિ-આરોગ્ય પ્રદાન કરનારું, ધર્મવર્ધક તથા અભ્યુદયને અર્પનારું નીવડે તેવી પરમાત્માને પ્રાર્થના. આ નૂતન વર્ષે આપ સર્વનું જીવન પવિત્ર, રસમય, પ્રેમમય, પ્રામાણિક અને પ્રકાશમય બની રહે, સદ્‌ગુણોની સુવાસથી મહેલી ઉઠો. વિષમ ઝંઝાવાતમાં આપનો આત્મશ્રેયનો દીપક ઝળહળતો રહે.

આ નૂતન વર્ષે આપણે આત્મજ્ઞાન અને આત્મ સમાધિની પ્રાપ્તિ દ્વારા સાચા અર્થમાં 'જીવનસુધા' પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરીએ. આપનો જીવનપંથ પરમકૃપાળુ પરમાત્મા સરળ અને સફળ બનાવે. આપણે કરુણાનિધાને કરુણા કરીને બતાવેલા અભ્યુદય - ઉન્નતિના માર્ગે પ્રયાણ આદરીએ. આ નૂતન વર્ષે કુટુંબમાં, સમાજમાં પરસ્પર પ્રેમ, સંપ, ઐકય અને આનંદ પામો. આ અમારી અંતરની શુભેચ્છાઓ છે.

આ 'દીપોત્સવી પર્વ' આપણે એવી રીતે ઊજવીએ કે જેથી આપણું સામાજિક માળખું, પારિવારિક સંબંધો વધારે સુદૃઢ થાય તથા લોકોમાં, પ્રેમ, વાત્સલ્ય, સંપ અને સુખ-શાંતિની અભિવૃદ્ધિ થાય. સાથે સાથે ભારતીય સંસ્કૃતિના અનુપમ મૂલ્યો જળવાઈ રહે. જેનો પાયો છે, માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્ય દેવો ભવ, અતિથિ દેવો ભવ.

**"જીવ હમારી જાતિ હૈ, માનવ ધર્મ હમારા;**
**હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, ધર્મ નહી કોઈ ન્યારા."**

આખું ને આખું હૃદય બદલાવી દેવાની બાબતમાં ભલે વિજ્ઞાને સફળતા મેળવી, પણ એ હૃદયમાં રહેલી કડવાશને મીઠાશમાં ફેરવી નાખવાની સફળતાનો યશ તો ધર્મને ફાળે જ જાય છે. માટે આ નૂતન વર્ષે આધ્યાત્મિક અને ધાર્મિક જીવનની શુભ શરૂઆત કરો. સફળતાની પાયાની શરત છે - વાણીની મધુરતા અને કડવાશની ગેરહાજરી.

'ઉત્સવોનો રાજા દિવાળી' - દિવાળી પર્વનો પ્રારંભ સંયમના સંદેશથી થાય છે. માનવ હમેશાં આધિ, વ્યાધિ અને ઉપાધિથી ઘેરાયેલો જ હોય છે. આ જંજાળમાંથી તે જે દિવસે મુક્ત થાય તે દિવસ તેને માટે દિવાળીનો યાને આનંદનો દિવસ બને છે. દિવ્ય શક્તિનો દિવ્ય દિવસ જીવવાનો શુભ સંદેશ આપે છે.

શ્રીરામ લંકા વિજય કરી અયોધ્યા પધાર્યા હતા. અસુરોના ત્રાસથી પ્રજા મુક્ત થઈ એટલે બધાએ દીપ પ્રગટાવી આનંદ વ્યક્ત કર્યો ત્યારથી આ અવસર 'દીપોત્સવી' કહેવાય છે. દિવ્ય ભાવથી-દિવ્ય ભાવની દિવાળી કરીએ એજ દિવાળી.

**"નૂતન વર્ષાભિનંદન"**

**"નૂતન વર્ષાભિનંદન લખું,**
**સ્નેહથી સાદર વંદન લખું.**
**ઉર-ઉર ભરપૂર ભાવ વિભોર,**
**પુલકિત ગીત ગુંજન લખું.**
**ઝળહળે છે ઘર-ઘર દીપોત્સવી,**
**ઉજ્જવલ જીવન-કવન લખું.**
**ઉજાસ અમાસનો પ્રવેશે ભીતરમાં,**
**સદાય બસ શુભ ચિંતન લખું.**
**પામવા શુભેચ્છા બનવું શુભેચ્છક,**
**પરસ્પર સ્નેહ મિલન લખું.**
**શુભ સંકલ્પો સાકાર થાય સદાય,**
**મંલમય કામના મનોમન લખું.**
**વિકટ સંજોગમાં વિશ્વાસ વિભુનો,**
**નિત નિત નામ પાવન લખું."**

# ભક્તિનું સ્વરૂપ તથા ભક્તિની મહત્તા

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

કારતક સુદ પૂર્ણિમા એટલે આપણા ઈષ્ટદેવ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના માતા એવા ભક્તિ માતાનો પ્રાગટ્ય દિવસ. અન્ય દેવ દેવીઓની મૂર્તિઓ જગતમાં અપાર છે. પરંતુ ધર્મ અને ભક્તિ કે જે ભગવાનના અવતારનું મૂળ છે તેમજ જીવાત્માના મોક્ષનું મૂળ છે. કે જેણે કરીને જીવાત્મા ભવસાગર તરી શકે છે. વળી આ લોકમાં પણ મનોવાંછિત સુખને પામે છે. તેથી શ્રીહરિએ આપણા મંદિરોમાં પોતાના સ્વરૂપોની સાથે પોતાના માતા પિતા ધર્મ-ભક્તિની પણ સ્થાપના સ્વહસ્તે કરી છે. શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિજીવન, ભક્ત ચિંતામણી આદિક દરેક શાસ્ત્રોમાં શ્રીહરિએ જીવના કલ્યાણ અર્થેના દરેક સાધનમાં ભક્તિ તથા સત્સંગનું ઉત્કૃષ્ટપણું, પ્રધાનપણું દેખાડ્યું છે. જ્ઞાન તથા વૈરાગ્યને ધર્મ સાથેની ભક્તિના પોષક અંગ કહ્યાં છે. શ્રીકૃષ્ણ ભગવાનને વિષે માહાત્મ્ય જ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તેને 'ભક્તિ' કહી છે. આપણા માટે આપણને મળ્યા એવા જે આપણા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાન અને તે ભગવાને પધરાવેલા પોતાના જ પ્રગટ શ્રી નરનારાયણાદિક સ્વરૂપોને વિષે જે ઘણો સ્નેહ તેને પ્રગટની 'ભક્તિ' કહી શકાય. શ્રીકૃષ્ણએ શ્રીહરિનું જ બીજું નામ છે. મુક્તાનંદ સ્વામી આદિક નંદસંતોએ પ્રગટ પ્રભુના આશ્રયથી તથા ભક્તિથી જ મોક્ષ કહ્યો છે.

નિષ્કુળાનંદ સ્વામી લખે છે.

**દઉં શી એને ઉપમાં, ભક્તિ બરોબર બીજું નથી,**
**તે ભક્તિ પ્રભુ પ્રગટની, કહી નથી પરોક્ષની કથી.**

આપણે સૌ જાણીએ છીએ કે ભગવાનની કથાનું શ્રવણ, કીર્તન, સ્મરણ, ચરણસેવા, પૂજન, વંદન, દાસપણું, સખાપણું અને આત્મનિવેદન, તેને નવધા ભક્તિ કહેવાય છે. તેમાં આપણને જે અંગમાં વિશેષ આનંદની અનુભૂતિ થતી હોય તે અંગ વધારે દ્રઢ કરવાની છૂટ છે. માહાત્મય જ્ઞાન સાથે સ્નેહપૂર્વક કરેલી ભક્તિથી શ્રીહરિ ખૂબ પ્રસન્ન થાય છે. ગઢપુરમાં અન્નકૂટ અને પ્રબોધની એકાદશીના મોટા ઉત્સવ વડે જ્યાં અને લલિતા તેમજ રમા, અમરી, અમલા, કમલા વગેરે સ્ત્રીઓએ પોતાના શરીરોનો અનાદર કરી બન્ને ઉત્સવોમાં મહાન પરિશ્રમ કરેલો. ઉત્સવ સમૈયામાં આ પ્રકારની સેવા એ ભક્તિનું જ સ્વરૂપ હોવાથી તે બાઈઓ પર ભક્તિમાતા ખૂબ રાજી થયા અને શ્રીહરિની પ્રસન્નતાપૂર્વકની આજ્ઞાથી ભક્તિમાતાએ આ બાઈઓને પોતાનું દિવ્ય દર્શન આપેલું. તે દિવ્ય સ્વરૂપ કેવું હતું તો સત્સંગિજીવન ગ્રંથમાં શ્રી શતાનંદ મુનિ લખે છે.

દિવ્ય કસુંબી વસ્ત્રવાળા, દિવ્ય આભૂષણો ધારણ કરેલા, રૂપને અનુરૂપ અવયવોવાળા, પ્રસન્ન મુખારવિંદ વાળા, સુવર્ણ સમાન ગૌર વર્ણવાળા, કોમળ અંગવાળા, સુંદર કપોળ, ઉત્તમ નાસિકા, ઉત્તમ મુખ, નવયૌવનથી વૃદ્ધિ પામેલાં સ્તનોના ભારથી કૃશ ઉદર, પ્રફુલ્લિત મોગરાનાં પુષ્પોની માલા પોતાના કેશ કલાપમાં ધારણ કરેલા, લજ્જાએ સહિત મંદ હાસ્યથી યુક્ત કંપાયમાન ભ્રુકુટિઓના વિલાસપૂર્વક જોનારા, શુદ્ધ વસ્ત્રોથી આચ્છાદિત છે. નિતંબોરૂપી દ્વિપોની શોભા જેમને છે એવા કંદોરો, સુવર્ણના નૂપુર, રત્નેન્દ્ર કંઠાભરણ, હાથોમાં કંકણ ધારણ કરેલા, વીણાને વગાડતા તથા પોતાની સખીઓ દ્વારા પાછળ સ્વર પુરાતા તથા ગાન વડે ગંધર્વ અને અપ્સરાઓના પણ માનને હરનારા તે ભક્તિ દેવી નારાયણમુનિના પૂર્વના શ્રીકૃષ્ણ નામના અવતારો સંબંધી ચરિત્રોનું ગાન કરતા હતા.

ભક્તિમાતાએ રમા આદિક નારીઓને ઈચ્છિત વર આપ્યો અને ગાન સંબંધી પ્રશ્નના જવાબમાં શ્રીહરિએ શ્રીકૃષ્ણરૂપે કરેલાં ચરિત્રોનો મહિમા કહીને એ પણ સ્પષ્ટતા કરી કે, હે સ્ત્રીઓ ! આગળ તો અત્યારે થતાં આ નારાયણમુનિ સંબંધી ચરિત્રોને શતાનંદ નામના મહામુનિ

રચશે તેનું પણ હું ગાન કરીશ.

શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટાના પદોનું આપણે નિત્ય ગાન કરીએ ત્યારે શ્રીહરિ આપણા ઉપર કેટલા રાજી થતા હોય છે તે સ્વયં તેના રચયિતા પ્રેમાનંદ સ્વામી જ લખે છે કે, જે કોઈ પ્રીતે રે, શીખે સૂણે ગાશે, પ્રેમાનંદનો રે, સ્વામી રાજી થાશે.

ભરતખંડના ઉપાસ્ય દેવ શ્રી નરનારાયણદેવ છે અને મુખ્ય ભક્ત નારદજી છે. 'વાસુદેવ માહાત્મ્ય' ગ્રંથમાં નારદજી કહે છે, હે ભગવન ! મુમુક્ષુજનોને તમારી ભક્તિથી જેવી અંતઃકરણ શુદ્ધિ અને તે દ્વારા આત્યંતિક શ્રેયઃ સિદ્ધિ થાય છે તેવી તપ, દાન, યજ્ઞાદિક અન્ય સાધનોએ કરીને થતી નથી. તમારી ભક્તિનો જ ભારે ઉત્કર્ષ છે.

નિષ્કુળાનંદ સ્વામી લખે છે,

**નિષ્કપટ નાથની ભગતિ, સમઝો સુખ ભંડાર છે,**
**એની બરોબરી નોય કોઈ બિજું, એ તો સર્વે સારનું સાર છે.**
**સાચી ભક્તિ ભગવાનની, સર્વે શિર પર મોડ છે,**
**બીજા સાધન બહુ કરે, પણ જુઓ એની કોઈ જોડ છે ?**
**જેમ ગળપણમાં શર્કરા ગળી, વળી રસમાં સરસ તુપ,**
**જેમ અંબરે સરસ જરકસી, તેમ ભક્તિ અતિ અનુપ.**
**પ્રગટ પ્રભુની ભક્તિ અતિ ભલીજી,**
**કરી દીયે કામ એજ એકલીજી,**
**એહ વિના બીજી છે ભૂલવાની ગલીજી,**
**જગમાં જે જે કે'વાય જેટલીજી.**

ઉમરનો વિચાર કર્યા વિના પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણને ઓળખીને બાળપણથી જ ભક્તિ કરવી. કારણ કે મનુષ્યદેહ ક્ષણ ભંગુર છે. અત્યારે હોઈએ તો કલાક પછી ન પણ હોઈએ. દેવ દુર્લભ માનવ અવતાર મેળવીને જે પ્રભુ ભક્તિ નથી કરતો તે આત્મઘાતી છે, ભાગ્યથી હણાઈ ગયેલો છે. કૃતઘ્ની છે. વચનામૃતમાં શ્રીહરિ કહે છે, - એવી રીતે અનંત પ્રકારના માહાત્મ્યે સહિત એવી જે ભગવાનની ભક્તિ તે જેને હોય તેના દોષ માત્ર ટળી જાય છે. અને તેને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ એ ન હોય તો પણ એ સર્વે આવે છે. માટે એ સાધન સર્વેમાં મોટું છે.

મુક્તાનંદ સ્વામી લખે છે.

फलं इच्छा बीनकरत हे, नवधा भक्ति जोय ।
मुक्त कहे तेही अति अचल, प्रभुसंग प्रीति होय ।।
मुक्त कहे मोहन विषे, जाही लगि द्रढ प्रीत ।
ताही न कुछ करनो रह्यो, सहज लियो जग जीत ।।

શ્રીહરિને વિશે જેને અતિશય અચલ દ્રઢ પ્રીતિ રૂપ નિષ્કામ નિર્દંભ નવધા રૂપ ભક્તિ છે તેને કંઈ કરવાનું બાકી રહ્યું નથી. તેણે સહજ રીતે સમગ્ર જગત જીતી લીધું છે.

પવિત્ર દેશ, શુભ કાળ, ઉતમ સંગ વગેરે શ્રીહરિની ભક્તિમાં અભિવૃધ્ધિ કરે છે. મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ બધું સહજ પ્રાપ્ય છે. માટે આપણા મંદિરોમાં નિત્ય પ્રત્યે જઈને શ્રીહરિના પ્રગટ સ્વરૂપોનું દર્શન કરીએ, મંદિરમાં રહેલા સાચા સંતોનો સંગ કરીએ કે જેથી આપણા જીવનમાં શ્રીહરિ પ્રત્યે એકાંતિક પ્રેમલક્ષણા ભક્તિ દઢ થાય. શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને રાજી કરવાનો પણ એ જ ઉપાય છે. ભક્તિમાતાના પ્રાગટ્ય દિવસે ભક્તિમાતાના ચરણોમાં એ જ પ્રાર્થના કરીએ કે હે ભક્તિમાતા ! આપ જેમ આપના પુત્ર શ્રીહરિના ચરિત્રોનું સુંદર ગાન કરીને શ્રીહરિને રાજી કરો છો એવી રીતે શ્રીહરિએ સ્થાપેલી સત્સંગ મર્યાદામાં રહીને અમે પણ નિરંતર શ્રીહરિની નવધા ભક્તિ કરીને પ્રગટ પ્રભુને ખૂબ રાજી કરીએ એવો અમો સર્વેને આશીર્વાદ આપજો.

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૪૧મો પ્રાકટ્યોત્સવ મહોત્સવ





































## ધાર્મિક તથા સામાજીક પ્રવૃત્તિમાં સહયોગી સંતો

- શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી - કોટેશ્વર
- શા. સ્વામી વ્રજભૂષણદાસજી - નારાયણઘાટ
- શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજી - નારાયણઘાટ
- સ.ગુ.શા.સ્વામી ધર્મપ્રવર્તકદાસજી - ગાંધીનગર
- સ.ગુ.શા.સ્વામી હરિકૃષ્ણદાસજી - એપ્રોચ
- સ.ગુ.શા.સ્વામી માધવપ્રિયદાસજી - સિધ્ધપુર
- સ.ગુ.શા.સ્વામી કુંજવિહારીદાસજી - કાલુપુર
- સ.ગુ.શા.સ્વામી અભિષેકપ્રસાદદાસજી - વડનગર
- સ.ગુ.શા.સ્વામી ઋષિકેશપ્રસાદદાસજી - ઈસંડ
- સ.ગુ.શા.સ્વામી ગોપાલજીવનદાસજી - મુળી
- સ.ગુ.શા.સ્વામી નારાયણમુનિદાસજી - કાલુપુર
- શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - અમદાવાદ શહેર
- શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - ઉત્તર ગુજરાત

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી





શ્રીજી મહારાજ દરેક ઉત્સવો જુદાં જુદાં ગામે કરતા જેથી દરેક સત્સંગીઓને ઉત્સવોનો અને શ્રીહરિના દિવ્ય દર્શનનો લાભ પ્રાપ્ત થાય. આમ એક વખત દંઢાવ્ય દેશના કડી પાસેના આદરજ ગામમાં દિપાવલીનો ઉત્સવ ઉજવ્યો હતો. ત્યાં દિપાવલીમાં તીરંદાજીની સ્પર્ધા પરંપરાગત રીતે થતી આવતી હતી. તેમાં એક કુશળ તીરંદાજ રતુ ખાંટને પોતાની નિશાન બાજી પર ખૂબ ગર્વ હતો. અંતર્યામી શ્રીજી મહારાજ તે જાણતા હતા તેમને તો રતુ ખાંટનો ગર્વ ઉતારવો હતો તેથી સરોવરમાં તરતા દિવાની જ્યોતને નિશાન બનાવવાનું આયોજન ગોઠવ્યુ હતું તેમાં શ્રીહરિના પાર્ષદ ભગુજી પાસે અચૂક નિશાન સધાવી સરોવરમાં તરતા દિવાની જ્યોત બુઝાવી ને રતુ ખાંટનું અભિમાન ઓગાળ્યું. આ ઉપરાંત આ જ જગ્યાએ ચાર નંદ સંતોને સદ્‌ગુરુ પદ આપી ગાડામાં બેસાડી આરતી ઉતારી હતી અને સંપ્રદાયના સૌ પ્રથમ અન્નકુટ ઉત્સવની પરંપરા અહીંથી જ શરૂ થઈ.

એ ભગુજીનું પ્રસાદીનું તીર તથા અન્ય પ્રસાદીની વસ્તુઓ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના હોલ નં. ૩ માં દર્શનાર્થે મુકવામાં આવેલ છે.

---

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ઓક્ટોબર-૨૦૧૩

| | | |
|---|---|---|
| રૂા. | ૧૧,૦૦૦/- | ધીરજભાઈ કરશનભાઈ, અમદાવાદ |
| રૂા. | ૧૦,૦૦૧/- | હરજીવનભાઈ કરશનદાસ પટેલ પૌત્ર તથ્યના જન્મદિન નિમિત્તે, અમદાવાદ |
| રૂા. | ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી, C/o. ઘનશ્યામએન્જીનીયરીંગ, બોપલ |
| રૂા. | ૫,૦૦૦/- | જશીબેન ભીખાભાઈ, રાણીપ |

સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - ઓક્ટોબર-૨૦૧૩

| | |
|---|---|
| તા. ૪-૧૦-૧૩ | ગીરીશભાઈ ચીમનભાઈ પટેલ (મિરોલીવાળા) મણીનગર |
| તા. ૬-૧૦-૧૩ | ગીતાબેન ભૂપેન્દ્રભાઈ પૂજારા ચિ. કિંજલબેન સી.એ. થયા તે નિમિત્તે, નારણપુરા |
| તા. ૮-૧૦-૧૩ | મનજીભાઈ શિવજીભાઈ હિરાણી, યુ.એસ.એ. |
| તા. ૧૫-૧૦-૧૩ | કપિલભાઈ ચંદુભાઈ રાબડીયા, લંડન |
| તા. ૧૮-૧૦-૧૩ | શ્રી મહિલા મંડળ સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની, બાપુનગર. |
| તા. ૨૦-૧૦-૧૩ | (સવારે) ચંદુભાઈ સોમનાથભાઈ ડેરીવાળા, નવરંગપુરા<br>(સાંજે) પટેલ જયંતિભાઈ નારણદાસ, દેઉસણાવાળા (હાલ યુ.એસ.એ.) |
| તા. ૨૭-૧૦-૧૩ | વસંતીબેન (એક હરિભગત) હ. અનિષા પટેલ, પુષ્પ પટેલ, અમદાવાદ. |



શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં રજાઓમાં દર્શનાર્થીઓ

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## આપણાં અગીયાર નિયમો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

પોતાના સંતાન પર માતા-પિતાનું વાત્સલ્ય હોય છે. પણ તે મર્યાદિત હોય છે. જ્યારે પોતાના ભક્ત ઉપર ભગવાનનું વાત્સલ્ય અમર્યાદિત હોય છે. એવા વાત્સલ્ય વારિધિ સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી આપ સહુ ભક્તોના જીવનમાં અને પરિવારમાં ધર્મ, ભક્તિ, સંસ્કાર, સંપનું ઘડતર, પોષણ, શિક્ષણ સદા પ્રાપ્ત થતું રહે એવી નૂતનવર્ષની શુભકામનાઓ સહ બાલવાટિકાના વાચક ભક્તોને નૂતન વર્ષાભિનંદન સાથે સાદર સપ્રેમ જય સ્વામિનારાયણ.

વિશેષમાં નિયમ, નિશ્ચય, પક્ષ ત્રણ વાનાં જીવનમાં દૃઢ કરી ભગવાનના વાત્સલ્યને પાત્ર બનવા ‘‘નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ’’ એ પદમાં વર્ણવેલ અગિયાર નિયમો વિષે સવિસ્તૃત આપણે સમજી રહ્યા છીએ ત્યારે આઠ નિયમો વિષેની વાત આપણે બાલવાટિકા વિભાગમાં વાંચી છે. બાકીનાં ત્રણ નિયમો વિષેની વાત આ અંકમાં વાંચીને પૂર્ણ કરીશું.

(ગતાંકથી ચાલુ)

**નવમો નિયમ : નિંદત નહી કોઈ દેવકો -**

આ બાબત પણ ભાવિકોએ બહુ યાદ રાખવા જેવી છે. તમને જે ઠીક લાગે તે ભગવત્ સ્વરૂપની ઉપાસના કરો, તમને જેમાં શ્રધ્ધા હોય તે દેવની ઉપાસના કરો પણ અન્ય કોઈ દેવની નિંદા ન કરવી. ધાર્મિક સહિષ્ણુતા એ આપણા સંપ્રદાયની અજોડ ઓળખાણ છે. કોઈ દેવની નિંદા નહી, ક્યારેય પણ નહીં. સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે - કે રસ્તે ચાલતા શિવાલયાદિક દેવમંદિર આવે તો આદરથી હાથ જોડવા. વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય પંચદેવને પૂજ્ય માનો, નારાયણ અને શિવ એ બંને એકાત્મ છે. આવી ધર્મસહિષ્ણુતાની વાતો સ્વામિનારાયણ ભગવાને પોતાના આશ્રિતજનો માટે કહી છે. કોઈ મુમુક્ષુને જે દેવમાં શ્રધ્ધા હોય તેની આપણે નિંદા ન કરાય.

એક ગામના ચોરે દસબાર જુવાનીયા બેઠેલા. એક અતિવૃદ્ધ ડોસા ત્યાંથી નીકળ્યા. ચાલતાં ચાલતાં લથડતા જાય. એટલે દસબાર છોકરામાંથી પાંચ સાત જણાં એ વયોવૃદ્ધ વડીલની મશ્કરી થાય એવી ભાષા બોલવા માંડ્યા. ‘‘જો પેલો ડોસો આ આવે તો ઉડી જશે. હમણાં પડી જશે.’’ એક છોકરો કાંઈ બોલે નહી. ‘‘કેમ તું મુંગો બેઠો છે ?’’ ‘‘એ મારા દાદાજી છે.’’ દેવની બાબતમાં પણ આવું હોય છે. માટે ધર્મસહિષ્ણુતા મોટો ગુણ છે. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે - ‘‘સાચી શ્રધ્ધાથી ગમે તે દેવને માને એની ભક્તિ હું સ્વીકારું છું.’’

સ્વામિનારાયણ ભગવાને સંતોને જ્યારે વિચરણ કરવા મોકલ્યા ત્યારે કહેલું કે - ‘‘તમારે કોઈ વિપત્તિ આવે તો લીલા ઘાસને દંડવત કરજો, અમે એમાં રહીને તમારી રક્ષા કરીશું.’’ તો પછી આશ્રિતોએ કોઈ દેવની નિંદા કરવી નહી. દેવનિંદા સિવાય કોઈપણ ભક્તની, મનુષ્યની નિંદા પણ ક્યારે ન કરવી.

**દસમો નિયમ : બિન ખપતો નહીં ખાત -**

જે ખાવાથી આપણી બુદ્ધિ ભ્રષ્ટ થતી હોય એવી વસ્તુ ક્યારે પણ ખાવી નહી. તમને ખ્યાલ આવે કે અહીં વ્યવસ્થિત ચોખ્ખાઈથી રસોઈ થતી નથી ત્યાં સ્પષ્ટ શબ્દોમાં ના પાડી દેવી. જો આહાર શુદ્ધિ પાળીએ તો અંતઃકરણ શુદ્ધ રહે છે. જેનો આહાર શુદ્ધ ન હોય એનું અંતઃકરણ શુધ્ધ રહેતું નથી. રેલ્વે તંત્ર રસોડા કરી કરીને બધાને ચાલું ગાડીએ થાળીઓ પીરસે છે પણ અંદર જુઓ તો બધું એકાકાર ચાલે. યાત્રિકો પાસે નોંધાવી જાય કે આમિસ, નિરામિસ પણ અંદર બધું એક જ તપેલા બંને બાજુબાજુમાં જ હોય. તાવેથાને સાણસીઓ એકજ. બોલો આમાં આપણો નિયમ પણ કેવી રીતે સચવાય ??

વળી તમને બીજો ખ્યાલ હશે કે દવાખાનામાં ડોકટર એક દરદીને તપાસે પછી સાબુથી હાથ જુએ છે. ઓપરેશન વખતે વાપરેલું દરેક સાધન પણ પંદર મિનિટ પાણીમાં ઉકાળે ત્યારે સ્ટરીલાઈઝ થાય છે. જ્યારે

હોટલોમાં, લારીઓમાં ગમે એવા રોગીષ્ટ માણસોના વાપરેલાં થાળી, વાટકી, ચમચી વગેરે સાધનો પાણીમાં બોળીને ચોખ્ખા થયાં કે ન થયાં ને એ તમને આપે. વિચારો સ્વાસ્થ્ય પર પણ કેવી અસર થતી હોય!

ઘરમાં જે રસોઈ બનાવાય તે પ્રેમભાવથી તૈયાર કરાતી હોય છે. જ્યારે ધંધાદારી જે ભોજન તૈયાર કરે તેમાં પ્રેમ હોતો નથી. સ્વાર્થ હોય છે. આવું અન્ન વિચારોને મલિન કરે છે. માટે આહારની બાબતમાં વર્ણાશ્રમના ધર્મનો પણ ખ્યાલ રાખવો જરૂરી હોય છે. માટે અગિયાર નિયમોમાં આ નિયમ સમાવવામાં આવ્યો છે કે ''બિન ખપતો નહીં ખાત.''

**અગિયારમો નિયમ : વિમુખ જીવકે વદન સે, કથા સુની નહીં જાત -**

જે માણસના જીવનમાં ભક્તિ તત્વ જ નથી, જે પોતે વ્યસની હોય, ધર્મથી વિમુખ હોય, જેની વાણીમાં ભગવાન ભગવાનના અવતારો કે તેમનાં લીલા ચરિત્રોનું યુક્તિથી ખંડન થતું હોય તેવી વાણી કથા સ્વરૂપે પણ ન સાંભળવાની આ આજ્ઞા શ્રીહરિએ કરી છે. આ હકીકત છે. જે વ્યક્તિને ભગવાનની ભક્તિ કે ઉપાસના ન હોય તેના મુખે ભગવાનની કથા પણ સાંભળવી નહી. એનો અર્થ કે આવા માણસના પ્રસંગથી દૂર રહેવું. જે પોતે ધર્મથી વિમુખ હોય તેની વાણી સામી વ્યક્તિને અસર પહોંચાડી શકતી જ નથી અને જેને ભગવાનના સ્વરૂપમાં પ્રેમ હોય એ ગમે એવો માણસ હોય, રોગિષ્ટ હોય, ઘરડો હોય પણ આવા માણસના મુખે ભગવાનની કથા-વાર્તા સાંભળે તો સાર્થક છે. બાકીની કથા નિરર્થક છે. એનો કોઈ ફાયદો કે લાભ થતો નથી.

સ્વામિનારાયણ ભગવાન જ્યારે નાના હતા ત્યારે અયોધ્યામાં સરયુમાં સ્નાન કરી દેવમંદિરોમાં દર્શન કરવા જતા પછી ક્યાંય કથા-વાર્તા થતી હોય તો સાંભળતા. એકવાર કથા-વાર્તા ચાલતી હતી, તેમાં પ્રભુ બેઠા. એકાદશીની કથા ચાલું હતી પણ જે વક્તા હતા તેને એકાદશી કરવી ગમે નહીં. જોગાનુંજોગ એ દિવસે એકાદશી જ હતી અને વકતા સવારમાં ભાખરીનો નાસ્તો કરીને આવેલા. તેમણે તો કથા કરવા માંડી કે એકાદશીની વાત સાચી પણ કળિયુગમાં એકાદશીને જગન્નાથપુરીમાં બાંધી દીધી છે. તેથી હવે એકાદશી ન કરીએ તો પણ ચાલે. પછી તો પરમાત્માએ તેને સમાધિ કરાવી, પાઠ ભણાવી માફી મંગાવી. પણ કહેવાની વાત એ છે કે જેના જીવનમાં, આચરણમાં ધર્મ અને ભક્તિ ન હોય તેવાના મુખે કથા સાંભળવાથી કુમાર્ગે જીવન ધકેલાઈ જાય તો પણ ખબર પડી શકે નહીં. માટે આ નિયમ ''વિમુખ જીવ કે વદન સે કથા સુની નહી જાત'' ને પણ વિશેષ અગિયાર નિયમોમાં સમાવેલ છે.

**''એહી ધર્મ કે નિયમમેં, વર્તો સબ હરિદાસ,**
**ભજો શ્રી સહજાનંદપદ, છોડી ઔર સબ આસ.**
**રહી એકાદશ નિયમમેં, કરો શ્રીહરિપદ પ્રિત,**
**પ્રેમાનંદ કહે ધામ મે જાઓ નિશંક જગજીત.''**

આ અગિયાર નિયમોનું પાલન કરી સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ કરશે તે કોઈ પણ જાતની શંકા વગર નિશ્ચય ભગવાનના ધામને પામશે.

વ્હાલા ભક્તજનો ! આ અગિયાર નિયમમાં આપણા પંચવર્તમાનના નિયમ પણ આવી જ જાય છે. અને આ અગિયાર નિયમોનું સતત અનુસંધાન રહે તેથી જ શ્રીજી મહારાજની આજ્ઞાથી પ્રેમાનંદ સ્વામીએ ''નિર્વિકલ્પ ઉત્તમ અતિ'' પદમાં સમાવ્યા અને તે નિત્ય સાયં પ્રાર્થનામાં ગવાય છે. (સંપૂર્ણ)

●

## એક સાથે બે કામ સિધ્ધ થયાં

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

વાત છે અજબની. વાત છે ગજબની. આમ તો માન્યામાં પણ ન આવે. છતાં પણ માનવી પડે એમ છે. કેમ કે આ વાત કહેવાવાળા જેવા તેવા નથી એ તો છે આપણા નંદસંતો. તો વાત જાણે એમ છે કે, એકવાર શ્રીજી મહારાજ ઝિંઝાવદર પધાર્યા હતા. ઝિંઝાવદર એટલે અલૈયાખાચરનું ગામ. ત્યાં તળાવની પાળ હતી. તળાવની પાળ ઉપર પીપળાનું મોટું વૃક્ષ હતું. શ્રીજી મહારાજ આ પીપળાના વૃક્ષ નીચે બિરાજ્યા હતા. શ્રીજી મહારાજની પાસે અલૈયાખાચર, સુરો ખાચર, સોમલાખાચર, નાજા જોગીયા, મુળજી શેઠ વગેરે ભક્તો બેઠા હતા. શ્રીજી મહારાજ સાથે હળવી પ્રશ્નોતરી કરતા હતા. તેમાં એક પ્રશ્ન અલૈયા ખાચરે પૂછ્યો. હે મહારાજ ! મારા બાપના બાપ ઘણા હિંસક હતા. પાપી હતા. તેમણે ઘણા ગુના કર્યા હતા. ચોરી લૂંટ ફાટમાં અગ્રેસર રહેતા. કોઈનું માથું વાઢવામાં

દયા ન દાખવતા. અતિ ક્રોધી હતા. તો તેમની સારી ગતિ થઈ હશે કે નહિ ? હું તો તમારો ભક્ત છું. તમે પ્રગટ પ્રમાણ ને મલ્યા પણ હવે એના જીવનું શું થયું હશે ? મારૂં તો પ્રભુ છતે દેહ કલ્યાણ દેખાય છે. પણ મારા ભજનના પ્રતાપે એ તમારા ધામમાં ગયા હશે કે ક્યાં હશે ? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા કે તમારા જેવા દીકરા ભક્ત થયા હોય એના તો ડોસા ભગવાનના ધામમાં જ પહોંચે. તમારું ભજન તમારી ભક્તિ તમારી સેવાના પ્રતાપે. તેમની ગુણ દૃષ્ટિ થાય પછી તે ધામમાં જ જાય. અલૈયા ખાચરને શંકા થઈ. તેથી ફરી કહ્યું, આ આલૈયા ખાચર એમ નહિ સ્વીકારે. મહારાજ બોલ્યા તમારે એનું પારખું લેવું છે ? ત્યારે અલૈયા ખાચર તો રાજી રાજી થઈ ગયા. ''મહારાજ, એવું દેખાડો તો ઘણું સારૂં.''

પછી મહારાજે એક ભક્ત બેઠા હતા તેને કહ્યું, તું જઈને જોઈ આવ કે કેટલી પેઢીના ડોસા ધામમાં પહોંચ્યા છે. પ્રગટના પરચા અમાપ હોય છે. અલૈયા ખાચરે તો માન્યું હતું કે મારા બાપના બાપ હિંસક હતા. તેથી તેમનું કલ્યાણ થયું હશે કે નહિ ત્યારે મહારાજે તો તેમની પેઢીઓનો ઉદ્ધાર કરી દીધો હતો. મહારાજ વળી તે ભક્તને કહે છે તે ધામમાં જઈ પૂછી આવ અને કંઈક નિશાની લેતો આવજે નહિ તો આ કાઠી માનશે નહિ. પછી તો એ ભક્ત સમાધિ કરીને ભગવાનના ધામમાં ગયો અને ધામમાં જઈને પૂછ્યું કે અલૈયાના દાદા અહીં આવ્યા છે ? ત્યારે તેની સાત પેઢીના ડોસાઓ ભગવાનના ધામમાં આવ્યા હતા. એ આગળ આવીને બોલ્યા કે અમે અહીં છીએ. ત્યારે તે ભક્તે કહ્યું, અલૈયા એ કોઈક નિશાની મંગાવી છે. ત્યારે તેણે કહ્યું કે જે પીપળા હેઠે શ્રીજી મહારાજ અને તમે સૌ બેઠા છો એ પીપળાના થડથી ઉગમણી કોરે નવ હાથ ભરીને જમીન ખોદજો. નવસો રૂપિયાની એક દેગડી દાટી છે. તે મળશે કાઢી લેજો.

એ નિશાની લઈ અને ભક્ત સમાધિમાંથી જાગ્યો અને વાત કરી. શ્રીજી મહારાજે ગામમાંથી કોસ મંગાવી અને ત્યાં ખોદ્યું તો પિત્તળની દેગડી નીકળી અને તેને ઠાલવી અને રૂપિયા ગણ્યા તો પૂરા નવસો થયા. શ્રીજી મહારાજ કહે છે અલૈયા તારે તો રૂપિયા પણ આવ્યા અને તમારી સાત પેઢીના ડોસા અમારા ધામમાં પહોંચ્યા એની ખાત્રી થઈ ગઈ. અલૈયા ખાચરના આંખમાં આસું આવી ગયા. મહારાજના ચરણારવિંદમાં નમસ્કાર કરીને કહ્યું, હે પ્રભુ ! તમારી કૃપા અપરંપાર છે ધન્ય છે પ્રભુ !

સજ્જનો ! વચનામૃતમાં પણ આ વાતનો ઉલ્લેખ છે કે જે ભગવાનનો ભક્ત થાય તેની ભક્તિના પ્રતાપે તે ભક્તની ઈકોત્તેર પેઢીનો ઉદ્ધાર થાય છે. માટે હમેંશા ભગવાનનાં આશરાનું બળ રાખી દૃઢ શ્રધ્ધાથી ભગવાનની ભક્તિ કરવી. જેથી આલોક અને પરલોકમાં જીવ સુખી થાય. મુક્તાનંદ સ્વામીના શબ્દો છે કે,

**''પુરૂષોત્તમ પ્રગટનું જે દરશન કરશે,**
**કાળકર્મથી છુટી કુટુંબ સહિત તરશે.**
**જય સદ્‌ગુરુ સ્વામી.''**

## અંક ન મળવાની ફરિયાદ અંગે

આપણું શ્રી સ્વામિનારાયણ માસિક દર માસની ૧૧ તારીખે નિયમિત ચોક્કસાઈ પૂર્વક સોર્ટિંગ કરીને દરેકને પોસ્ટ કરવામાં આવે છે. છતાં ઘણાને પોસ્ટમાં અંક ન મળે તો ૨૦ તારીખ બાદ ગ્રાહક નંબર સાથે કાર્યાલયમાં ફોન નં. ૨૨૧૩૨૧૭૦ ઉપર જાણ કરવી. સ્ટોકમાં અંક હશે તો ફરી રવાના કરીશું. ગ્રાહક નંબર દરેક સભ્યોએ યાદ રાખવો ફરજિયાત છે.

-તંત્રીશ્રી

## નવું પ્રકાશન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શા.સ્વા. હરિજીવનદાસજી (હિંમતનગર મહંતશ્રી) દ્વારા તૈયાર થયેલ પુસ્તકો.

(૧) બાલ સંસ્કાર (બાળકો માટે) (૨) શ્રીહરિની પત્ર પ્રસાદી (પ્રસાદીના પત્રો) (૩) વિદુર નીતિ સ.ગુ. નિત્યાનંદ સ્વામીની ટીકા

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**"અંતર્દષ્ટિ રાખવાની છે"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

એક ગામમાં ખૂબ મોટો જમીનદાર ખેડૂત હતો. ગામમાં ખૂબ મોટું ખેતર હતું. ખેતરમાં વિવિધ પ્રકારનો ફળો શાકભાજી બધું ખૂબ થાય. એકવાર તે જમીનદાર પોતાના આગળ બધા જુએ તેમ બધુ ગોઠવી દે છે. અને કહે છે કે જેને જોઈએ તે મફતમાં લઈ જાવ. લોકોને શંકા થાય છે કે કદાચ ખરાબ હશે. માટે કોઈ લઈ જતું નથી. તો પછી ફરીથી જ્યારે વેચવા માટે મુકે છે ત્યારે બોર્ડ પર લખાવડાવીને મુકે છે કે શાકભાજી, ફળો બધું ખૂબ સારૂં છે. માટે બજારમાં જે કિંમત છે તેના કરતા વધારે પૈસા થશે તો લોકોની લાઈન લાગે છે. તો કહેવાનો અર્થ છે કે સારી વસ્તુ મફતમાં મળે તો લોકોને શંકા થાય છે. આપણા શ્રીનરનારાયણદેવ છે તે આખા ભરતખંડના રાજા છે. તે પોતે તપ કરી પોતાના તપનું ફળ આપણને મફતમાં આપે છે. છતાં પણ ઘણા સમજી શકતા નથી અને ખોટામાં ફસાઈ જાય છે. લાલજી મહારાજશ્રી તેમજ મહારાજશ્રીના આશીર્વચનમાં પણ આપણે વારંવાર સાંભળીએ છીએ કે આપણો એક-એક શ્વાસ નરનારાયણદેવને આભારી છે. ઘેર બેઠા મળી ગયું છે એટલે આપણને તેની કિંમત સમજાતી નથી. આપણને શું નથી મળ્યું એના કરતાં શું મળ્યું છે તે કાયમ વિચારવાનું છે. આપણને મૂળ સંપ્રદાયનો જે સત્સંગ મળ્યો છે તેની કિંમત ખૂબ છે. પરિસ્થિતિ પ્રમાણે આપણી બુદ્ધિ બદલાતી જાય છે. પરંતુ આપણી નિષ્ઠા ક્યારેય પણ ડગે નહિ તેનું ધ્યાન રાખવાનું છે. અંતર્દષ્ટિ કરી આપણે જે કરવું જોઈએ તે કરતા હોય તે બરાબર પરંતુ આપણે જે ન કરવું જોઈએ તે કરતા હોઈએ તો આપણે આપણી જાતને ઠપકો આપવાનો છે. જેમ કે સ્કુલમાં પ્રિન્સીપાલ જ્યારે રાઉન્ડ મારતા હોય અને કોઈ છોકરાને તોફાન જુએ કરતા તો ઠપકો આપે છે. તેમ પોતાના ઉપર નિયંત્રણ રાખવાનું છે. જાતને ઠપકો આપવાનો. દરરોજ પાંચથી દસ મિનિટ તપાસ કરવાની કે આપણા અંદર શું ખામી છે ? તે નક્કી કરવાનું છે. મહારાજે પોતાના દોષો જોવાની ના નથી પાડી. બીજા તો આપણને દિવ્યવૃત્તિથી જુએ. કેમ કે ? તે મહારાજની આજ્ઞા પાળે છે. મહારાજે બીજાના દોષો જોવાની ના પાડી છે. માટે આપણે આપણા દુર્ગુણોને તો જરૂર ઓળખવા. અને આપણું મગજ અશાંત ક્યારે થાય છે તો કોઈનું ખરાબ વિચારીએ ત્યારે ! ધ્યાન આપજો ! ટેન્શન કરીએ ત્યારે અથવા નકારાત્મક વિચારો કરીએ તો આપણું મગજ ખૂબ જ ઝડપથી ચાલે છે. સામેની વ્યક્તિના બધા અવગુણ યાદ આવી જાય છે. એ વખતે સારૂ શું છે ? ખરાબ શું છે ? તેનો ખ્યાલ આવતો નથી. એટલે શક્ય હોય તેટલું ઓછું ભરવાનું. અર્થાત્ બીજાના દોષો શક્ય તેટલા ઓછા જોવાના. ઓછું ભરવાનું રાખીશું તો અંદર જે છે તે ખાલી થતું જશે. કોઈ વ્યક્તિએ મારા માટે શું ખરાબ કર્યું છે તે બે મિનિટમાં બધું યાદ આવી જશે પરંતુ કોઈ પણ વ્યક્તિ માટે સારુ વિચારવું હોય તો જલ્દી યાદ જ નથી આવતું. સારૂ યાદ કરવા માટે કલાકોના કલાકો નીકળી જાય છે. માટે આપણું હિત અને અહિત શેમાં છે તે કાયમ વિચારવાનું અને સદાય નરનારાયણદેવની આજ્ઞામાં વર્તવું. જે કાંઈ સામર્થી છે તે ભગવાનને લઈને છે. અહીંથી બહાર જવું હોય તો પણ અડધા સેંકડમાં શું થશે તે આપણા હાથની વાત નથી. એક વાર મહારાજે બધા સંતોને કીધું કે પોત પોતાની સામર્થી બતાવો. તો દરેક સંતોએ પોત પોતાની સામર્થીની વાત કરી અને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ પોતાની સામર્થી બતાવતા કીધું કે તાવડીમાં રોટલો ફેરવીએ તેમ આખું બ્રહ્માંડ ફેરવી દઉં પરંતુ જો આપની મરજી અને આજ્ઞા હોય તો ! કહેવાનો અર્થ કે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી જેવા સમર્થ સંત જો મહારાજની આજ્ઞામાં રહેતા હોય તો આપણે તો આ સંસારના સામાન્ય જીવ છીએ ! માટે સુખી થવું હોય તો અહર્નિશ મહારાજની આજ્ઞાનું અનુસંધાન રાખવું. શ્રીનરનારાયણદેવની આજ્ઞામાં રહેવાનું બળ મહારાજ આપ સૌને ખૂબ આપે તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

●

## અભાગણી ઈર્ષા

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વમુખ વાણી જે વચનામૃત ગ્રંથમાં પ્રથમ પ્રકરણના ૭૧ માં વચનામૃતમાં ઈર્ષાની વ્યાખ્યા કરી છે કે, ''જેની ઉપર ઈર્ષા હોય તેનું રૂડું થાય ત્યારે તેનાથી ખમાય નહિ ને તેનું ભુંડું થાય ત્યારે રાજી થવાય એ ઈર્ષાનું લક્ષણ છે. યથાર્થ ઈર્ષાવાળો કોઈની મોટપ જોઈ શકતો નથી. ઈર્ષા એવી વસ્તુ છે તે જેનામાં છે તે પોતાને દુઃખે દુઃખી નથી એટલો બીજા ને સુખે દુઃખી થાય છે. સામી વ્યક્તિને કોઈ મુશ્કેલી ઉભી થાય, કોઈ પ્રકારનું દુઃખ થાય, સમાજમાં તેની અપકીર્તિ થાય તો ઈર્ષાળુને આનંદ આનંદ થઈ જાય છે. સામાનું ખેદાન મેદાન થઈ જાય ત્યાં સુધી પ્રવૃતિ કરવા પ્રેરાય છે. ઈર્ષા તો ઝેર કરતાંય ખતરનાક છે. જેમ ફુલના બાગમાં જંગલી ઘાસ ઉગતું હોય છે તેમ ઈર્ષા માણસના હૃદયમાં ઉગતી જ હોય છે. ઈર્ષાનો અંત હમેશાં અધોગતિ અને વિનાશમાં જ હોય છે. એક વખત ગુલાબે કાંટાને કહ્યું, ''મને તું એ કહે કે, જે લોકો અહીંથી પસાર થાય છે તેના કપડાં તું શું માટે ફાડે છે ? એ કપડાં શું તને ઉપયોગમાં આવે છે ?'' ત્યારે કાંટાએ કહ્યું, ''કપડાં તો મારા ઉપયોગમાં આવતા નથી. પરંતુ હું તેમના સારાં કપડા જોઈ શકતો નથી માટે ફાડવા માગું છું.'' ઈર્ષા રાખનાર ખરેખર કાંટા જેવો છે. જે પોતાને કાંઈ લાભ થાય તે વિચારતો નથી પરંતુ બીજાને કેવી રીતે નુકશાન થાય તેવું ઈચ્છે છે. ટૂંકમાં ઈર્ષા શબ્દનો અર્થ થાય છે જે ''અદેખાઈ કરવી'', બળી મરવું, કોઈની પ્રગતિ ન જીરવવી, કોઈની મોટાઈ ખમી ન શકવી. વિગેરે થાય છે.

ઈર્ષા માનવ હૃદયના આંતરિક સદ્‌ગુણોને કોરી ખાનારી ભયંકર ઈયળ છે. જીંદગીનો આરામ હરામ કરી દે છે. ખટપટ કરીને, ઘસાતું બોલીને સામેની વ્યક્તિનું હીણું દેખાડ્યા વિના આવા લોકને ખાધેલું પચતું નથી. કોઈને ધન મળે, કોઈને માન મળે, કોઈને ત્યાં પુત્ર જન્મ થાય, કોઈને કોઈ પ્રકારનો લાભ થાય, બીજાની ચઢતી સ્થિતિ જોઈને તેના હૃદયમાં દાહ ઉત્પન્ન થાય છે. આમ ઈર્ષા એક પ્રકારનો અગ્નિ છે. અગ્નિ તો દઝાડેજ. બળતણ, કેરોસીન કે પેટ્રોલથી તે જલતી નથી છતાંય તેની જવાળા અતિ પ્રચંડ અને ભયાનક હોય છે. ઈર્ષારૂપ અગ્નિની જવાળા દેખાતી નથી. તેમ છતાં સર્વસ્વ નાશ કરવા સમર્થ છે. જેના અંતરમાં ઈર્ષા પેઠી તેના સર્વસ્વ સદ્‌ગુણો બાળી નાખે છે. પછી સદ્‌ગુણોના નવા અંકુરો ઉઠવા અશક્ય છે. ઈર્ષાની આગથી ઘણા રાખ થઈ જતા હોય છે. રાખ થઈ ગયા પછી તેમાં કાંઈ વજન ન હોય તે હલકો થઈ જાય છે. ઈર્ષાળુ વજન વિનાનો, પ્રતિષ્ઠાહીન થઈ જાય છે.

ઈર્ષાળુનું પાપ સ્વયંને તો ગુણવાન નથી થવા દેતું પણ સામી વ્યક્તિના ગુણનેય જોવા નથી દેતું. જે ઈર્ષા રાખે તે જાણે અજાણે વેરને આમંત્રણ આપી રહ્યા છે. ખાઈમાં પડેલો માણસ કદાચ એની મેળે બહાર નીકળે અને કોઈ કાઢે પણ ખરા પણ અદેખાઈમાં પડેલો તો બહાર નીકળી શકે જ નહિ. અદેખાઈ કરવાથી આપણા આત્માનું દેવાળું નીકળી જાય છે. ઈર્ષા એવી દુષ્ટા છે તે કદી શાંત બેસતી જ નથી. પોતાનો ચેપ બધે ફેલાવે છે. ઈર્ષા આબરૂનો નાશ કરી નાખે છે. સંપ, સહકારને નષ્ટ કરી પરિવાર, સંસ્થા, મંડળોમાં ભાગલા પડાવી નાખે છે. કોઈના સંપમાં કાતર મૂકીને સંપ-એકતા-સુહદયપણું વિગેરે તોડાવી નાખે છે.

જે માની હોય તેના હૃદયમાં ક્રોધ અને ઈર્ષા હોયજ. ક્રોધને ઈર્ષા માનને આધારે રહે છે. માનરૂપી બાપને એક દીકરો ક્રોધ છે ને બીજી દીકરી ઈર્ષા છે. માન છે ત્યાં ક્રોધ અને ઈર્ષા બાપની આંગળીએ ટીંગાઈને ટાબરિયા આવે તેમ આવી જ જવાના. માનવી પોતાના હૃદયમાં ઈર્ષા રાખીને શુદ્ધ વ્યક્તિત્વ ધરાવી શકે જ નહિ. હૃદયની શાંતિ એતો સંતોષને નિર્મળ જીવનનું પ્રતિબિંબ છે. જ્યારે ઈર્ષા એ સંકુચિત મનનો સડો છે. આ સડાએ મોટા મોટા ઋષિ મુનિઓને અને યોગેશ્વરોને પણ બાકાત રાખ્યા નથી.

નવે યોગેશ્વરો એક વખતે જનક રાજાના દરબારમાં ગયા. જનકરાજાએ તેમને પ્રશ્નો પૂછ્યા. દરેકે ઉત્તર કર્યા. તેમાં પ્રબુદ્ધ ઋષિએ સરળ સચોટ અને સાચા ઉત્તરો કર્યા તેથી બીજા આઠેય યોગેશ્વરો ઝાંખા પડી ગયા. આઠેયના મનમાં થયું જે પ્રબુદ્ધ આપણાથી આગળ નીકળી ગયા. વળી પ્રબુદ્ધઋષિ જયારે સભામાં પ્રવચન આપતા ત્યારે આખી સભા ભરાઈ જતી. કોઈ સભામાં હલી પણ ન શકે એવી એમનામાં વાક્‌પટુતા હતી. જેથી શ્રોતાઓ બીજા ઋષિઓના પ્રવચનમાં ખાસ હજાર ન રહે પણ પ્રબુધ્ધ ઋષિનું પ્રવચન ક્યારેય ચૂકે નહિ. આથી આઠેય ઋષિઓ

ઈર્ષાની આગમાં બળવા લાગ્યા. તેથી એક દિવસ આઠેય ઋષિઓ ભેગા થઈને પ્રબુધ્ધ ઋષિને ગાંસડીમાં બાંધીને કૂવામાં નાખવા ચાલ્યા. ત્યારે પ્રબુધ્ધ ઋષિ બોલ્યા મારો વાંક શું તે તો કહો ?'' ત્યારે તે બધા કહે, તમારામાં સર્વે આકર્ષાઈ જાય છે. એટલે અમારી પાસે કોઈ આવતું નથી. તેથી અમારૂં અપમાન થાય છે. પછી પ્રબુધ્ધે કહ્યું કે, ''એકવાર મને માફ કરો. હવે હું સભામાં વાતો નહિ કરું.'' આમ કહ્યું ત્યારે તે જીવતા રહ્યાં.

**ગાતું હોય કોઈ હરિના ગુણ,**
**તો તેના તાલ તું તોડીશમાં.**
**એની સાથે તું પણ ગાજે,**
**જીવન તારૂં બગાડીશ મા.**

કોઈ ભગવાનના ગુણ ગાતો હોય તો, આપણા રાજી થવું જોઈએ. પરંતુ તેને વિઘ્ન કરી દોષમાં પડવું ન જોઈએ. ઈર્ષાની આગ શું નથી કરતી ? એક યોગેશ્વર બીજા યોગેશ્વરને મારવાના ઉપાય કરે.... અરે ! આ આગ જેના હૃદયમાં હોય તેતો ભગવાનને પણ મારવાના ઉપાય કરે.

શ્રી સ્વામિનારાયણ ભગવાન ગઢપુરમાં કાયમ નિવાસ કરીને રહેતા હતા. આ ગામમાં તેમના અનન્ય આશ્રિત એક દાદા ખાચર અને બીજા જીવા ખાચર. શ્રી સ્વામિનારાયણ ભગવાન દાદા ખાચરના ઘરે રહે. સંતો-હરિભક્તો પણ ત્યાં રોકાય. અલૌકિક આનંદમાં સૌ ગરકાવ બને. દાદા ખાચરના ઘરે ભગવાન રહે તેથી વાહવાહ દાદાખાચરની થાય. તેથી જીવાખાચરે ઈર્ષાની આગમાં ન કરવાનું કાર્ય આદર્યું. શ્રીજી મહારાજ પરોઢિયે દિશાએ ગયા ત્યારે તલવાર લઈને રામખાચરને મારવા માટે પૈસાની લાલચ આપીને મોકલ્યો. સંડાસમાં જઈ રામખાચર આ કાર્ય કરવા માટે સંતાયા. પરંતુ આતો ભગવાન છે. અંતર્યામી છે. ભગવાને પોતાના અંગત સેવક ભગુજી પાર્ષદને કહ્યું, તમે દીવો લઈને જાવ તપાસ કરો. અંદર જઈને જ્યાં તેમણે જોયું તો રામખાચર ઉઘાડી તલવાર લઈને ભગવાનને મારવા માટે ઉભા હતા. ભગુજીએ પકડીને કાઢ્યા અને તેમને મારવા લીધા. ત્યારે તેમણે કબુલ કર્યું કે, જીવાખાચરે પૈસાની લાલચ આપી માટે મેં આ અપકૃત્ય કર્યું છે. દયાના સાગર શ્રી સ્વામિનારાયણ ભગવાને તેમને હેમખેમ જવા દીધા. આમ ઈર્ષા કેવી કાતિલ ઝેર જેવી છે.

રાજસૂય યજ્ઞમાં પ્રથમ પૂજન શ્રી કૃષ્ણનું થશે તે સાંભળતાં જ શિશુપાલ ઈર્ષાથી સળગી ઉઠ્યો ને ભગવાનના ગુણો પર કાદવ ઉછાળવા લાગ્યો. આ ઈર્ષાળુના જીવનની તાસીર છે. દુર્યોધનને પાંડવોની ભારોભાર ઈર્ષા હતી. પાંડવો સ્નાતકોને જમાડે ને તે લોકો પાંડવોની પ્રશંસા કરે તેમાં વચ્ચે દુર્યોધન ઠાલેઠાલો બળી મરતો. ઈર્ષામાંથી જ અવગુણ ગાવા સાંભળવાની ટેવ જીવનમાં પડે છે. માટે અભાગણી ઈર્ષાનો ત્યાગ કરવો. તોજ મોક્ષ પરાયણ જીવન જીવી શકાશે. ક્રોધી, કપટી, દ્વેષી ને માનીના હૃદયમાં ઈર્ષાનો લાવારસ સતત વહેતો હોય છે. માટે આ ચાર વ્યક્તિથી સદાય દૂર રહેવું.

**કંચન તજવો સ્હેલ હે, સ્ત્રીયા તજવી સ્હેલ,**
**આપ બડાઈ ને ઈર્ષા, તે તજવું મુશ્કેલ.**

●

## ભક્તવત્સલ ભગવાન

- પટેલ ભાવના એન. (મુબારકપુર, કલોલ)

ગામ મેથાણમાં મહાશંકરભાઈ પંચોળી હરિભક્ત હતા. એમને રાજારામ નામનો એક પુત્ર હતો. રાજા રામને મહારાજને પગે લગાડવો હતો તેથી તેને લઈને બાપ-દીકરો બંન્ને ગામ લોયામાં મહારાજ હતા ત્યાં આવ્યા. સાથે દસ રૂપિયા હતા, તેથી મહાશંકરભાઈએ મનમાં નક્કી કર્યું કે પાંચ રૂપિયા રાજારામને મહારાજના ચરણે પગે લગાડીને ભેટ મુકીશ અને પાંચ રૂપિયાના સંન્યાસી જમાડવા છે એમ વિચારીને લોયામાં આવ્યા.

આ બાજુ મહારાજ તો લોયાથી નિકળી ગયા હતા અને એક ગાઁવ જેટલે દૂર ગયા ને અને પછી પાછા આવીને એક ઘરમાં સૂતા હતા તે વાતની ગામના લોકોને ખબર ન હોતી. એને તો મહારાજ બહાર ગયા છે એટલી જ ખબર હતી. તેથી મહાશંકરભાઈએ પૂછ્યું ત્યારે કહ્યું કે મહારાજ તો બહારગામ ગયા છે. આ સાંભળીને મહાશંકરભાઈ તો ઉદાસ થઈ ગયા. મનમાં થયું કે કેટલે દૂરથી ચાલીને આવ્યા અને મહારાજના દર્શન ન થયા. મહારાજ તો જે ઘરમાં મહાશંકરભાઈ રાત્રી રોકાણા હતા તેની બાજુના ઘરમાં છુપા રહ્યાં હતા. પણ તેની ભૂદેવને ખબર નહોતી.

ભૂદેવને તો ચિંતામાંને ચિંતામાં આખી રાત ઉંઘ ન આવી. વિરહમાં ને વિરહમાં સવાર પડી. પણ અંતર્યામી પ્રભુ ભક્તના ભાવને જાણે છે. મહાશંકરભાઈના

અંતરમાં બેઠા બેઠા તેના સંકલ્પને જાણતા હતા. તેથી સવારે મહારાજે મનુષ્ય લીલા કરતા સુરા ખાચરને પૂછ્યું : આ બાજુના ઘરમાં કોણ ઉતર્યું છે ? ત્યારે સુરાખાચર બોલ્યા એ તો મેથાણના બ્રાહ્મણ છે. આપના દર્શને આવ્યા છે. ત્યારે મહારાજ કહે એમને બોલાવો અમારા દર્શન કરે. પછી સુરા ખાચરે જઈને કહ્યું ભૂદેવ ! મહારાજનાં દર્શને ચાલો. આ સાંભળીને ભૂદેવે કહ્યું મહારાજ ક્યાં છે ? દરબાર કહે, આ બાજુના ઘરમાં જ છે. આવું સુરાખાચરનું વેણ સાંભળીને ભૂદેવ કહે મેં તો સાંભળ્યું હતું કે મહારાજ તો કાલે બહારગામ ગયા છે. તેથી મને તો આખી રાત ઊંઘ પણ ન આવી. પણ દયાળું એ દયા કરી ભક્તનો સાદ સાંભળ્યો ખરો. વાહ, પ્રભુ વાહ ! આમ અતિ આનંદિત થઈ રાજારામને સાથે લઈને બાજુનાં ઓરડામાં જઈ મહારાજનાં દર્શન કર્યા. દંડવત કર્યા અને હર્ષના આંસુ સાથે રાજારામને મહારાજને પગે લગાડ્યો અને પાંચ રૂપિયા ભેટ ધર્યા. ત્યારે મહારાજ હસતા હસતા બોલ્યા બીજા પાંચ પણ મુકો. સંતો ને જમાડશું. જે પછી તે પાંચ રૂપિયા પણ મુક્યા.

વ્હાલા ભક્તો ! મહારાજ તો બહારગામ જતા રહ્યાં હતા પણ મહાશંકરભાઈ નો ભાવ હતો તો એક ગાઁવ જેટલેથી પાછા પધાર્યા અને ભૂદેવની બાજુમાં જ સૂતા પણ ભૂદેવને ખ્યાલ નહોતો કે ભગવાન મારા પાડોશી થઈને મારી બાજુમાં જ સૂતા છે. એવું કાંઈક આપણે પણ હોય છે. મહારાજ આપણા આત્મામાં જ બેઠા છે. પણ દેહાભિમાનરૂપી દિવાલ આડી છે તેથી દૂર લાગે છે. તેમ છતાંય જો આ ભૂદેવ જેવો ભાવ અને સાચો ખપ હોય અને એમને આખી રાત્રી ઉંઘ ન આવી એમ આપણે પણ સાચા દિલથી સંભારશું તો જેમ ભૂદેવને સવારે બોલાવીને દર્શન દીધા તેમ જ આપણા હૃદય રૂપી ઘરમાં દર્શન દેશે.

●

## પ્રભુ બંધાતા નથી

- જાનકી નિકીકુમાર પટેલ (ઘાટલોડિયા)

ઘનશ્યામ અને વેણી બંને પાકા ભાઈબંધ એકબીજા વિના જરાય ગમે જ નહિ. જ્યાં જૂઓ ત્યાં બન્ને સાથે જ હોય. બન્નેની જોડ બરાબર જામી હતી.

હમણાંથી એકબીજાને ત્યાં જવા-આવવાનું વધ્યું હતું. મિત્રતાના પરિણામે બન્ને જણ છુપાઈને પોતાના ઘરોમાં જ ચોરીઓ કરવા માંડ્યા. ચોરી કરવામાં બીજી કોઈ વસ્તુ નહિ પરંતુ ઘરમાંથી દૂધ-દહીં ગુમ થઈ જાય. વેણીરામની માતા લક્ષ્મીબાઈને થયું કે મારો વેણી તો ડાહ્યો છે પણ આ ઘનશ્યામ મારા ઘરમાં ચોરી કરતા હશે. પેલી બાજુ સુવાસિની ભાભીને પણ એવું જ થયું કે આપણા ઘનશ્યામ તો સીધા-સરળ છે એમનું આ કામ નહિ પણ પેલા વેણીયાનો ભરોસો નહિ. એ ચોરી છુપીથી દહીં-દૂધ ખાઈ જતો હશે.

બંને પરિવારોને એકબીજાના બાળક પર વહેમ બંધાયો. પણ હકીકત એવી હતી કે આ બન્ને મિત્રોને દહીં દૂધ ખૂબ ભાવતા. તેથી બંને જણ સાથે મળીને જ્યાં લાગ મળે તે ઘરમાં પેસી જતા. અને ચોરી છુપીથી બધું આરોગી જતા. આવું ક્યાં સુધી ચાલે ? લક્ષ્મીબાઈની સહન શક્તિ ખૂટી પડી. તે બાઈએ એકવાર ચોખ્ખે ચોખ્ખું કહી દીધું કે આ ઘનશ્યામ જ ચોરીઓ કરે છે. મારા ઘરમાં ઘૂસી જાય છે અને બધું ખાઈ જાય છે. બાકી મારો વેણી તો આવું કરે જ નહિ. એને ચોરી કરતા ફાવે જ નહિ ને.

આ વાત ભાભીથી સહન ન થઈ. અને બોલ્યાં, જરા મોઢું સંભાળીને બોલજો. મન ફાવે એવા આરોપ ન મૂકશો. અમારા ઘનશ્યામ એવા ડાહ્યાં છે કે જમવા આપો તો જમે નહિ અને ભૂખ્યા જ સૂઈ જાય, એવા સરળ છે. આ તમારો વેણીયો જ ચોર છે અને ઘરમાં ઘૂસીને દહીં-દૂધ ઓહિયાં કરી જાય છે. નથી બોલતા એટલે આમ ખોટો આરોપ મુકવાનો ?

વાત બરાબર જામી. લક્ષ્મીબાઈ તો ધુવાંપુવાં થઈ ગયા. પોતાની વાત પાકી કરવા અને ઘનશ્યામને ચોર સાબિત કરવા તેમણે કાંઈ બાકી ન રાખ્યું. છેલ્લે વાત પતાવતા સુવાસિની ભાભીએ કહ્યું. જુઓ અમારા ઘનશ્યામ તમારે ત્યાં ચોરી કરવા આવે ત્યારે બાંધી દેજો. થોડા માણસોએ ટાપસી પુરી કે હા, એ વાત બરાબર છે. પાકા પુરાવા વગર બોલવું નકામું છે. માટે લક્ષ્મીબાઈ તમે એમ જ કરોને, ‘‘હા, તે મારે ક્યાં કોઈની બીક છે. કાલે હું ઘનશ્યામને બાંધવાની જ છું.’’ એટલું બોલતા બોલતા લક્ષ્મીબાઈ ઘરમાં ચાલ્યા ગયા. હજુ તો બે ત્રણ દિવસ પસાર થયા હતા. ઘનશ્યામ અને વેણીરામે ફરી પાછી એજ લીલા શરૂ કરી. બન્ને મિત્રો વેણીના ઘરમાં પેઠા. મીઠું

તાજુ દહીં ખૂબ આરોગ્યું. પછી જ્યાં ભાગવા જાય છે ત્યાં વેણીની મા ત્રાટકી, હજુ મનમાંથી રીસ ગઈ નહોતી. અને આજે સારી તક મળી. પછી કોણ ચૂકે ! પોતાના વેણીરામને જવા દીધો અને ઘનશ્યામના બન્ને હાથ દોરડા વડે બાંધ્યા. બન્ને હાથ અને મુખ દહીંથી ખરડાયેલા હતા. પછી તો લક્ષ્મીબાઈએ ગામ ભેગુ કર્યું. જુઓ જૂઓ ! આ ચોર ઘનશ્યામને મે બાંધ્યા છે. તમાશાને તેડું ન હોય. જોતજોતામાં મોટું ટોળું ભેગું થઈ ગયું.

મોટાભાઈ રામપ્રતાપજી હોત તો વાત વધારે જામત. પણ એ વખતે તેઓ ક્યાંક બહાર ગયા હતા. સુવાસિની ભાભી તથા ભક્તિમાતા વેણીના ઘેર પહોંચ્યા. ત્યાં મોટો કોલાહલ ચાલું હતો. ભાભીએ કહ્યું બતાવો ક્યાં છે. અમારા ઘનશ્યામ ? લક્ષ્મીબાઈએ રૂઆબથી ઘરનું બારણું ખોલ્યું. જોઈ લો આ તમારો લખણવંતો લાલો. હું ક્યારની કેતી'તી તમે માનતા નહોતાં ? છેવટે રંગે હાથે ઝડપાયો ને ?

ત્યાં ટોળામાં હસાહસ થવા લાગી. લોકોને જાણે મનોરંજન મળ્યું. ગામવાળા અંદરો અંદર તાળીઓ લેવા માંડ્યા. જોયું ! આ લક્ષ્મીબાઈની બુદ્ધિ ફરી ગઈ લાગે છે. દેખતી નહિ હોય કે આ કોનો છોકરો છે ?

સુવાસિની ભાભી બોલ્યા કે, લક્ષ્મીબાઈ, હાથે કરીને શા માટે ઘરની આબરૂ બગાડો છો. જરા આંખો ઉઘાડીને જૂઓ તો ખરા કે આ કોણ છે ? આ તમે કોને બાંધ્યો છે ? અમારા ઘનશ્યામ છે કે તમારો વેણીયો છે ? ટોળામાં ઉભેલા માણસોથી હસવું રોકાતું નહોતું. લોકોની ભારે હસાહસ થવા માંડી અને લક્ષ્મીબાઈને કાપો તો લોહી ન નીકળે એવા શરમિંદા થઈ ગયા. આવું કેમ થયું હશે ? મેં તો ઘનશ્યામને જ બાંધેલા. આમાં આ વેણીયો ક્યાં બંધાયો! માણસોના ટોળામાં ઉભેલા ઘનશ્યામ મંદમંદ હસતા હતા. સૌને આનંદ હતો. છપૈયા વાસીઓને ભારે મજા પડી. પ્રભુની આ કલ્યાણકારી લીલા છે.

●

## છપૈયાની પ્રદક્ષિણા

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ, તા. કડી)

તીર્થરાજ છપૈયામાં ઘનશ્યામ મહારાજે ઘણી લીલાઓ કરી છે. આ એક સરસ ચરિત્રની વાત તમને ખૂબ ગમશે. ઘનશ્યામ મહારાજ મિત્રમંડળની સાથે નારાયણ સરોવરને કાંઠે આંબાવાડીયામાં ગયા. બધા જ બાળકો આંબાની ડાળો ઉપર બંને પગ લટકાવીને બેસી ગયા. અને ઘોડા ઉપર બેઠા હોય તેમ ડચકારા કરવા લાગ્યા. અને કોનો ઘોડો વધુ ચાલે છે. એની જાણે હરિફાઈ ચાલી.

ઘનશ્યામ મહારાજ પણ આંબાની એક ડાળ ઉપર બિરાજ્યા અને જ્યાં બે-ત્રણ ડચકારા બોલાવ્યા ત્યાં તો એક દેવતાઈ ઘોડો જાણે આંબામાંથી જ પ્રગટ થયો. બહુ સુંદર ઘોડો. પ્રભુ તો એ ઘોડા ઉપર બેસી ગયા અને ઘોડો છપૈયાની આજુબાજુમાં પ્રદક્ષિણા કરવા લાગ્યો. ૧૦૮ પ્રદક્ષિણાઓ થઈ પછી પ્રભુએ ઘોડાને ધીમો પાડ્યો. ઘોડો ધીમે ધીમે ગતિ કરતો જાય છે. છપૈયાની સ્ત્રીઓ નારાયણ સરોવર ઉપર પાણી ભરવા આવેલી તે બધી જ ઘોડાની પાછળ પાછળ ચાલી. કેટલાક બ્રાહ્મણો નારાયણ સરોવરમાં સંધ્યા કરતા હતા તે પણ ઘોડાની પાછળ પાછળ ચાલ્યા.

જેમ જેમ ઘોડો ચાલતો જાય તેમ તેમ વધુને વધુ માણસો તેમાં જોડાતા જતા હતા. પછી તો ડુંગર તરવાડીનો કૂવો, ખાંપા તલાવડીની બાજુના માણસો, બધા જ આ સંઘમાં જોડાયા. ઘનશ્યામ મહારાજે એવું આકર્ષણ કર્યું કે સૌ ઘનશ્યામ મહારાજની પાછળ ચાલે જાણે રે સંઘ યાત્રાએ આવ્યો હોય એવું લાગતું હતું. ભગવાને આવી રીતે સંઘ સાથે ૧૦૮ પ્રદક્ષિણાઓ છપૈયાની કરી.

છપૈયાની પ્રદક્ષિણા કરીએ ત્યારે ક્યા ગામો રસ્તામાં આવે તે ખાસ યાદ રાખવા જેવું છે. ઘનશ્યામ મહારાજે છપૈયાની પ્રદક્ષિણા કરી ત્યારથી છપૈયાની પ્રદક્ષિણાનો બહુ મહિમા છે. એટલે તમે જ્યારે પણ છપૈયા જાવ ત્યારે આટલા ગામના નામ નોંધી રાખજો.

પહેલું સુરવાલ, પછી તીનવા, દાનનગર, અસલારા, ભોઈગામ, ગાયઘાટ, લોહગંજરી, પતિજીયા, નાગપુર, નેવાડે અને છપૈયા. પ્રદક્ષિણા કરતા આટલા ગામ વચ્ચે આવે. આ તો મોટી પ્રદક્ષિણાની વાત છે. નાની પ્રદક્ષિણા કરવી હોય તો એકલા છપૈયાની જ પ્રદક્ષિણા કરી શકાય. ઘનશ્યામ મહારાજે જે તીર્થની પ્રદક્ષિણા કરી તેની આપણે પણ પ્રદક્ષિણા કરવી જોઈએ.

# સત્સંગ સમાચાર

## શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં શરદોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ કાલુપુર ખાતે આસો સુદ-૧૫ તા. ૧૮-૧૦-૧૩ ના રોજ દર વર્ષની જેમ પરંપરાગત રીતે ઉજવવામાં આવતો શરદોત્સવ ધામધૂમથી ઉજવાયો. મંદિરના પ્રસાદીના ચોકમાં સુંદર શ્વેત વસ્ત્રોથી અલંકૃત સુંદર શોભાયમાન મંડપમાં સ્ટીલનેસ સ્ટીલના વાસણોની હારમાળા વચ્ચે સુંદર સિંહાસનમાં શ્રીહરિને વિરાજમાન કરી શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ દ્વારા ઓચ્છવ કરવામાં આવેલ. અલૌકિક ઓચ્છવની રમઝટ વચ્ચે પ.પૂ. લાલજી મહારાજશ્રીનું શુભ આગમન થતા સૌ આનંદિત થઈ ગયા. સંતો-હરિભક્તોની સુંદર સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રી દર્શન આપતા વિરાજમાન થયા હતા. ઓચ્છવની પૂર્ણાહુતિના અંતે પોતાના વરદ્ હસ્તે ઠાકોરજીની આરતી ઉતારી હતી. છેલ્લે સૌને દુધપૌંવાનો અલૌકિક પ્રસાદ જમાડવામાં આવેલ. સ.ગુ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી અને કોઠારી પાર્ષદ દિગંબર ભગતે સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું.

(શા. સ્વા. નારાયણમુનિદાસ)

## શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા (રામબાગ)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા.સ્વા. ગુરુપ્રસાદદાસજી તથા મહંત સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી ભાદરવા વદ શ્રાધ્ધ પક્ષમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સાથે શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજી આદિ સંત મંડળ હરિભક્તોને ત્યાં સાંજે ૩ કલાક સુધી કથા વાર્તાનો લાભ આપેલ. અમાસના એક હરિભક્તને ત્યાં કથા કરી પૂર્ણાહુતિ કરી હતી. તેજ રીતે સત્સંગી બહેનોના શ્રી નરનારાયણદેવ મહિલા મંડળે પણ ૧૬ દિવસ પર્યન્ત બહેનોને ઘરે કથા વાર્તા ધૂન ભજનનો લાભ આપેલ. સાંજે સૌ ભક્તોને ભોજન પ્રસાદ જમાડેલ. આમ કાંકરિયામાં શ્રાધ્ધ પક્ષમાં હરિભક્તોને સુંદર લાભ પ્રાપ્ત થયેલ. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, કાકંરિયા)

## શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર

ઐતિહાસિક નગરી વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ સુદ-૧ થી ભાદરવા સુદ-૧૫ સુધી શ્રીમદ્ ભાગવત કથા પારાયણ રોજ સવારે ૮-૩૦ થી ૧૦-૦૦ અને રાત્રે ૭-૦૦ થી ૮-૩૦ સુધી થયું હતું. કથાના વકતાપદે સ.ગુ. કોઠારી શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજી (વડનગર) એ બિરાજીને હરિભક્તોને કથા રસમાં તરબોળ કર્યા હતા. પૂજારી શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજીએ જન્માષ્ટમી, જલઝીલણી અને વામન જયંતી જેવા ઉત્સવો ઉજવી હરિભક્તોને રાજી કર્યા હતા. હરિભક્તોને ઘેર સત્સંગ સભાનં આયોજન કરી દેવ, આચાર્ય મહારાજશ્રી તેમજ સંત-હરિભક્તો પ્રત્યે ની નિષ્ઠા અને શ્રીહરિના લીલા ચરિત્રો સમજાવી સત્સંગને નવપલ્લવિત કરી હરિભકતોને ભાવવિભોર કર્યા હતા.

(મહંત શા.સ્વા. નારાયણવલ્લભદાસજી)

## શ્રી સ્વામિનારાયણ મંદિર વાવોલ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર વાવોલમાં ભાદરવા વદ-૧૧ થી અમાસ સુધી શ્રાધ્ધ પક્ષ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ ભગવાનના લીલા ચરિત્રોની કથા પારાયણ રોજે રાત્રે ૭-૩૦ થી ૯-૩૦ સુધી સ.ગુ. શાસ્ત્રી સ્વામીનારાયણવલ્લભદાસજી (વડનગર મહંતશ્રી)ના શિષ્ય સ.ગુ. શા.સ્વા. અભિષેકપ્રસાદદાસજીએ કથામૃતનું સુંદર પાન કરાવી હરિભક્તોને રાજી કર્યા હતા. કથાની પૂર્ણાહુતિ ધામધૂમથી કરવામાં આવી હતી. અત્રેના યુવાનો અને વડીલોએ સેવા કરી અને કથા શ્રવણ કરી મહાલાભ લીધો હતો. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા અનીલભાઈ સી. પટેલ - વાવોલ)

## અલૌલિક પરચો

આપણા હરિભક્તોને ધર્મકુળ પ્રત્યેની નિષ્ઠા કેવી અદ્ભુત હોય છે. તેનો એક સુંદર દાખલો છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૧ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગની તૈયારીમાં ગાંધીનગરમાં પટેલ રમેશભાઈ ધનાભાઈ (ડેમાઈવાળા) રામ કથા મેદાનમાં ઉત્સવની પૂર્વ તૈયારીમાં વરસાદ ચાલું હતો અને અનેક હરિભક્તો સેવામાં કાર્યરત હતા. તેમાં ઉપરોક્ત હરિભકતે સ.ગુ.

ચૈતન્ય સ્વામીને નમ્રભાવે કહ્યું કે સ્વામી જો ૧૩-૧૦ વિજયા દશમીના વરસાદનું વિઘ્ન ન આવે તો મારે પૂનમના ગાંધીનગરથી શ્રી નરનારાયણદેવના દર્શનની પદયાત્રા કરવી. અને શ્રીહરિએ તેમની પ્રાર્થના સ્વીકારી. ઉત્સવ-જન્મોત્સવ વરસાદ તો શું પણ સુંદર વાતાવરણમાં ઉજવાયો અને તેઓએ સંકલ્પ કરેલ પદયાત્રા પૂર્ણ કરી શ્રી નરનારાયણદેવના દર્શન કરી ધન્યતા અનુભવી.

### શ્રી સ્વામિનારાયણ મંદિર જમીયતપુરા

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર જમીયતપુરા ખાતે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની પ્રેરણા-આશીર્વાદથી અત્રેના ભક્તિ મહિલા મંડળ દ્વારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૧ માં પ્રાકટ્યોત્સવના ઉપક્રમે ૬ કલાકની મહામંત્ર ધૂન કરી હતી. પૂર્ણાહુતિની આરતી બાદ સૌને પ્રસાદ આપવામાં આવેલ. શા.સ્વા. છપૈયાપ્રસાદદાસજીએ સુંદર આયોજન કર્યું હતું. (પાર્ષદ હાર્દિક ભગત)

### શ્રી સ્વામિનારાયણ મંદિર કરજીસણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સમગ્ર ધર્મકુળના રાજીપાથી અત્રે કરજીસણ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન સંત હરિભક્તોએ સાથે મળી કરી હતી. શા. માધવપ્રિય સ્વામી અને પૂજારી જસુભગતે સભામાં સૌને શ્રીહરિનો મહિમા સમજાવ્યો હતો. (પા. જસુ ભગત)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ધનસુરા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૧ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં અત્રે ધનસુરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભાદરવા વદ-૧૧ તા. ૧-૧૦૧૩ ના રોજ સર્વે હરિભક્તોએ સાથે મળી ૨૪ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન કરી હતી. (કોઠારી સોમાભાઈ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર આનંદપુરામાં સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે આનંદપુરા ગામે તા. ૨૯-૯-૧૩ ના રોજ સુંદર સત્સંગ સભા થઈ હતી. જેમાં શા. ચૈતન્ય સ્વામી (કોટેશ્વર), શા.માધવ સ્વામી (સિધ્ધપુર) અને જસુ ભગતે (કરજીસણ) હરિભક્તોને ધર્મકુળ મહિમા સાથે સર્વોપરી શ્રીહરિનું માહાત્મય સમજાવ્યું હતું. વડુ યુવક મંડળે ધૂન-ભજન, કીર્તનનો સુંદર લાભ આપેલ. ટાંકીયા, ડાંગરવા, ભાઉપુરા, કરજીસણ અને વેડાના હરિભક્તોએ પણ સભાનો લાભ લીધો હતો.

(શા. માધવપ્રિયદાસ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર નાંદોલ

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે નાંદોલ ખાતે તા. ૨૦-૯-૧૩ થી તા. ૨૨-૯-૧૩ પર્યન્ત અત્રેના મહિલા મંડળ દ્વારા કથા પારાયણ થઈ હતી. જેના મુખ્ય યજમાન ગીતાબેન ધર્મેન્દ્રકુમાર પટેલ રહ્યાં હતા. સાંખ્યયોગી ભારતીબા, મંજુબા અને ચંપાબાની પ્રેરણાથી શ્રીમદ્ સત્સંગિજીવનનું સાંખ્યયોગીબા (અમદાવાદ)એ કથા શ્રવણ કરાવ્યું હતું.

આ પ્રસંગે પ.પૂ. ગાદીવાળાશ્રી પધાર્યા ત્યારે સૌ બહેનોએ પ.પૂ. મહારાજશ્રીના ૪૧ માં જન્મોત્સવ નિમિત્તે ૪૧ ફૂટનો ચોકલેટનો હાર પહેરાવી ૪૧ બહેનોએ આરતી ઉતારી હતી. કથામાં આવતા ઉત્સવો ધામધૂમથી ઉજવ્યા હતા. વરપક્ષના યજમાન લગ્નની જાન લઈને દહેગામના વીણાબેન પટેલ, લીનાબેન પટેલ રહ્યાં હતા. મોસાળ પક્ષના યજમાન પરઢોલ ગામના બહેનો રહ્યાં હતા. મહાપૂજામાં ૫૫ બહેનોએ લાભ લીધો હતો. છેલ્લે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ સમસ્ત બહેનોને રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. દરેક હરિભક્તોની સેવા પ્રેરણારૂપ હતી. આ પ્રસંગમાં નાંદોલ, દહેગામ, પરઢોલ, કુબડથલ, લવારપુર, કુહા, કનીપુર અને સાણોદા ગામની બહેનોએ લાભ લીધો હતો.

(શ્રી સ્વા. મહિલા મંડળ, નાંદોલ)

### ધરમપુર (ખાખરિયા) ગામે પૂ. મહારાજશ્રીના ૪૧ માં પ્રાકટ્યોત્સવની ઉજવણી

અત્રે ધરમપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૩-૧૦-૧૩ રોજ વિજયા દશમીના પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૪૧ મો પ્રાકટ્યોત્સવ હરિભક્તોએ સાથે મળી ઉજવ્યો હતો. જેમાં પ.પૂ. મહારાજશ્રીની તસવીર સમક્ષ ૪૧ જનમંગલના પાઠ, ૪૧ મિનિટ મહામંત્ર ધૂન, અને ૪૧ વચનામૃતના પાઠનું વાચન કરીને છેલ્લે ઠાકોરજીની આરતી ઉતારી ૪૧ મો જન્મોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. સૌ પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા. (શ્રી નરનારાયણદેવ સત્સંગ સમાજ ધરમપુર)

## વિદેશ સત્સંગ સમાચાર

### કેનેડા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. મહારાજશ્રીનો ૪૧ મો પ્રાગટ્યોત્સવ ઉજવાયો

શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૪૧ મો પ્રાગટ્યોત્સવ શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરન્ટો કેનેડા (આઈ.એસ.એસ.ઓ.)માં ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે હરિભક્તોએ સાથે મળી ૪૧ જનમંગલ પાઠ, ૧૪૧ કલાકની મહામંત્ર ધૂન, મહાપૂજા આદિ ધાર્મિક કાર્યક્રમ કર્યા હતા. વિજ્યા દશમીના સુંદર સત્સંગ સભામાં શા.સ્વા. ભક્તિનંદનદાસજી ગુરુ સ.ગુ. શા.પી.પી. સ્વામી (જેતલપુર) એ શ્રીજી મહારાજ અને ધર્મકુળ માહાત્મ્ય કથામાં કહ્યું હતું. યુવક મંડળ અને બાળ મંડળે સુંદર કેક કાપીને ઉલ્લાસભેર પૂ. મહારાજશ્રીનો જન્મોત્સવ મનાવ્યો હતો. સભામાં અત્રેના પ્રમુખશ્રી, સર્વે કમિટી સભ્યો અને શા. ભક્તિનંદન સ્વામીએ પ.પૂ. મહારાજશ્રીની તસવીરનું પૂજન કરી સમૂહ આરતી ઉતારી પ્રસાદ લઈ ધન્ય ધન્ય બન્યા હતા.

(શશીકાંતભાઈ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર સાઉથજર્સીમાં જલઝીલણી ઉત્સવ

આઈ.એસ.એસ.ઓ. શ્રી સ્વામિનારાયણ મંદિર સાઉથજર્સી જલઝીલણી એકાદશી નિમિત્તે રવિવારે બપોરના ૧૨-૦૦ થી ૪-૦૦ સમૂહ સાગર સ્નાન અને ભગવાનનો અભિષેક વિધિવત રીતે ઉજવાયા. આ પ્રસંગમાં આપણા દરેક ચેપ્ટરોમાંથી હરિભક્તો પધાર્યા હતા. તથા સંતોમાં મહંત શા.સ્વા. હરિપ્રકાશદાસજી, બોસ્ટનથી માધવ સ્વામી, શ્રીજી સ્વામી, શા. ધર્મકિશોરદાજી તથા નરનારાયણ સ્વામી આદિ સંતો દ્વારા ઠાકોરજીને અભિષેક કરવામાં આવેલ. બહેનો દ્વારા સુંદર ગરબા થયા હતા. હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. છેલ્લે ઠાકોકરજીને થાળ-આરતી કરી પ્રસાદ લઈ સૌ વિદાય થયા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપાથી અહીં સુંદર સત્સંગ ચાલે છે. (પ્રવિણભાઈ શાહ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં સત્સંગ સભા

શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુજર્સી (આઈ.એસ.એસ.ઓ.)માં શનિવારના સુંદર સત્સંગ સભા થઈ હતી. જેમાં શા.સ્વા. હરિપ્રકાશદાસજી, શ્રીજીચરણ સ્વામી. શ્રીજી સ્વામી, બ્ર. સ્વા. પવિત્રાનંદજી અને શા. ધર્મકિશોર સ્વામીએ હરિભક્તોને કથાનો મહાલાભ આપી દેવ અને આચાર્ય મહારાજશ્રીનું માહાત્મ્ય સમજાવ્યું હતું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપાથી સુંદર સત્સંગ ચાલે છે.

(પ્રવિણભાઈ શાહ)

### છપૈયાધામ પારસીપેનીમાં સત્સંગ

શ્રી નરનારાયણદેવ શ્રી સ્વામિનારાયણ મંદિર પારસીપેની છપૈયા ધામ નવનિર્મિત મંદિરમાં રવિવારના સાંજે સુંદર સત્સંગ સભામાં મહંત શા. સ્વા. હરિપ્રકાશદાસજી, શા. ધર્મકિશોરદાસજી અને સ્વા. નરનારાયણદાસજી આદિ સંતો દ્વારા સુંદર કથાવાર્તા કરીને હરિભક્તોને આગામી પારસીપેની મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવવા અને તમામ પ્રકારની સેવા કરવા સૌને અપીલ કરી હતી.

પ.ભ, પ્રહલાદભાઈએ આગામી કાર્યક્રમની જાહેરાત કરી હતી. છેલ્લે ઠાકોરજીને થાળ આરતી બાદ પ્રસાદ ગ્રહણ કરી સૌ ધન્ય બન્યા હતા. (પ્રવિણ શાહ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગોમાં ઉત્સવ-કથા આદિ શા. સ્વામી વિશ્વવિહારીદાસજી તથા પૂજારી શાંતિ સ્વામીની પ્રેરણા માર્ગદર્શન હેઠળ સુંદર થાય છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૧ માં જન્મોત્સવ પ્રસંગે સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રીની તસવીરનું પૂજન કરી સંત-હરિભક્તોએ ધૂન-ભજન, કીર્તન વિશેષ રૂપે કર્યા હતા. શરદ પૂર્ણિમાના સાંજે આરતી બાદ રાસ-ગરબા કરીને સૌને દૂધ પૌંવાનો પ્રસાદ આપવામાં આવેલ. હરિભક્તો દર્શન કરી ધન્ય ભાગી બન્યા હતા. (વસંત ત્રિવેદી)

**નોંધ : આ અંકમાં પ્રશ્નપેટી પ્રકાશિત થઈ શકી નથી.**

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| ભાદરવા સુદ-૧ | ચિરાગ મુકુંદભાઈ ભાવસાર (મોહનથાળ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૩ | પટેલ બાબુભાઈ અંબાલાલ (મગજના લાડુ) | મોખાસણ |
| ભાદરવા સુદ-૫ | અંબિકા ટ્રેડીંગ કું. (મગજના લાડુ) (હ. કમલેશભાઈ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૬ | વિઠ્ઠલભાઈ પરબતભાઈ શેલડીયા (ચુરમાના લાડુ) (હર્ષદભાઈ, ધીરૂભાઈ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૬ | અ.નિ. બટુકભાઈ જાદવભાઈ બવાડીયા (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૬ | મંગળજીભાઈ રવજીભાઈ વેકરીયા (ચુરમાના લાડુ) | દેતડ |
| ભાદરવા સુદ-૮ | પરેશભાઈ દયાળજીભાઈ પટેલ (મૈસુબ) (જન્મ દિવસ નિમિત્તે) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૯/૧૦ | ગોરડીયા જયેશ મનજી (મૈસુબ) (હ. મનજી પ્રેમજી ગોરસીયા) | સુખપુર-કચ્છ |
| ભાદરવા સુદ-૧૧ | પટેલ ઈશ્વરભાઈ અંબાલાલભાઈ (મોતીયા લાડુ) | કલોલ |
| ભાદરવા સુદ-૧૧ | ચંદુભાઈ હાથીભાઈ પટેલ (મોતીયા લાડુ) (હ. નૌતમ સ્વામી) | મિત્રલ |
| ભાદરવા સુદ-૧૧ | હાર્દિક ભરતભાઈ જાદવ (રેગ્યુલર)વેજળકાવાળા | અમદાવાદ |
| ભાદરવા સુદ-૧૨ | ઠાકરશીભાઈ કરશનભાઈ (ટોપરાપાક) (હ. દયાબેન તથા ચિ. જગદીપ) (બ્ર. રાજુ સ્વામી) | |
| ભાદરવા સુદ-૧૩ | પટેલ નાથાભાઈ જીવાભાઈ (ચુરમાના લાડુ) (હ. અરવિંદભાઈ, શૈલેષભાઈ) | મોખાસણ |
| ભાદરવા સુદ-૧૪ | શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ (ચુરમાના લાડુ) (હ. ભરતભાઈ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૧૩ | ભલાભાઈ મોતીભાઈ (ચુરમાના લાડુ) | કાંકરાવાડી |
| ભાદરવા સુદ-૧૩ | જીતેષભાઈ મેઘજી પિંડોરીયા | અમદાવાદ |
| ભાદરવા સુદ-૧૫ | અ.નિ. નવિનચંદ્ર ત્રિકમલાલ સોની (રેગ્યુલર) | અમદાવાદ |
| ભાદરવા વદ-૨ | અ.નિ. દયાળભાઈ મથુરદાસ પટેલ (દુધપાક-પુરી)<br>(હ. મંદાકીની ડી. પટેલ) (પૂજારી રામ સ્વામી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૨ | રવજી લક્ષ્મણ ગોંડલીયા, લાલભાઈ રવજી ગોંડલીયા | વજાપર |
| ભાદરવા વદ-૩ | નારાણભાઈ મોહનભાઈ મોતીચુરીયા (દુધપાક-પુરી) (હ. મુનિ સ્વામી) | |
| ભાદરવા વદ-૩ | લાલભાઈ મગનભાઈ પટેલ (દુધપાક-પુરી) | ઉનાવા |
| ભાદરવા વદ-૪ | અ.નિ. કમલાબેન દયાભાઈદાસ પટેલ (મોહનથાળ) (હ. હિનાબેન) | અમદાવાદ |
| ભાદરવા વદ-૪ | અ.નિ. તનુબા મનુભા વાઘેલા (ચુરમાના લાડુ) | |
| ભાદરવા વદ-૪ | સોની બાબુલાલ લાલજીભાઈ (દૂધપાક-પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૪ | વાસુદેવભાઈ ગિરધલાલ ગજ્જર (બુંદી) (હ. મહંત સ્વામી) | |
| ભાદરવા વદ-૪ | પટેલ અમૃતભાઈ બાબુભાઈ પ્રાણભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૫ | પટેલ બળદેવભાઈ ફુલાભાઈ (ચુરમાના લાડુ) (હ. પી.પી. સ્વામી નાના) | મોટેરા |
| ભાદરવા વદ-૫ | અ.નિ. ચંચળબેન કાશીરામ પટેલના મોક્ષાર્થે (દૂધપાક-પુરી) | |
| ભાદરવા વદ-૭ | અ.નિ. વિરેન્દ્રકુમાર કાંતિલાલ (દૂધપાક-પુરી) (હ. દિપેશ સોની (એડવોકેટ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૭ | રમણ ભગત ગુરુ સ્વામી વિષ્ણુપ્રસાદદાસજી (ચુરમાના લાડુ) | વડતાલ |
| ભાદરવા વદ-૮ | નાથાભાઈ ચતુરભાઈ પટેલ (મોતૈયા લાડુ) | લસુન્દ્રા |
| ભાદરવા વદ-૮ | સોની કનૈયાલાલ દેવચંદભાઈ (દૂધપાક-પુરી, માલપુવા) | બાપુનગર |
| ભાદરવા વદ-૯ | નવિનભાઈ બચુભાઈ સોની (દૂધપાક-પુરી) | |
| ભાદરવા વદ-૧૦ | દેઉ ભગત - જય સીયારામ (દૂધપાક-પુરી) (હ. દિનેશભાઈ, કિશોરભાઈ) | રાણા કંડોરાણા |
| ભાદરવા વદ-૧૩ | અ.નિ. અનિલભાઈ કાનજીદાસ પટેલ (મૈસુબ) (હ. સકરીબેન કાનજીદાસ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૧૩ | અ.નિ. અરવિંદભાઈ વેલજીભાઈ વેકરીયા (ચુરમાના લાડુ)<br>(હ. રતનબેન વેલજીભાઈ વેકરીયા) | કેરા-કચ્છ |
| ભાદરવા વદ-૧૪ | રાજન પટેલ (ચુરમાના લાડુ) (હ. બ્ર. રાજુ સ્વામી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૩૦ | ભરતભાઈ મોતીભાઈ (મગજ)<br>(હ. નાથીબા જયંતીભાઈ મોતીભાઈ, જેઠાભાઈ મોતીભાઈ) | અંબાપુર |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૭૭૭/- મૂળજીભાઈ કાચા ટેલર શ્રીજી પ્રસન્નાર્થે લેસ્ટર (યુ.કે.)
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ ધૂળકોટ-નાઈરોબી
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ દહેગામ
માસિક પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૦/- પટેલ ઘનશ્યામભાઈ બેચરભાઈ અમેરિકાના વિઝા નિમિત્તેધમાસણા
૧૦૦/- પટેલ હસુમતીબેન ઘનશ્યામભાઈ ધમાસણા
અમેરિકાના વિઝા નિમિત્તે
૨૫૧/- પટેલ વિક્રમભાઈ ઈશ્વરભાઈ ઉનાવા
ચિ. નિકસ જીગરભાઈ પાંચમાં જન્મ દિને
૧૦૧/- ચાવડા લક્ષ્મણભાઈ જે. સમગ્ર ધર્મકુળની સ્વા. બાગ મેમનગર
કૃપાથી મકાનનો સંકલ્પ પરિપૂર્ણ થયો તે નિમિત્તે
૧૦૧/- પટેલ રવિકુમાર વિષ્ણુભાઈ જન્મ દિને મોખાસણ
૧૦૧/- રાઓલ રાજેન્દ્રસિંહ અભેસિંહ શ્રીજી પ્રસન્નાર્થે મિતલી
૧૫૧/- સરધારા રમણીકભાઈ ભીખાભાઈ અમદાવાદ
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૫૦૦/- પટેલ શાંતાબેન વિઠ્ઠલભાઈ શ્રાધ્ધ નિમિત્તે નારણપુરા
૧૦૦/- પટેલ ઉર્વિ સચિનકુમાર જન્મ દિને અમદાવાદ
૧૦૧/- ગજ્જર હિતેષભાઈ ગુણવંતભાઈ વેજલપુર
ચિ. જયને એડમીશન નિમિત્તે
૧૦૧/- પટેલ મુકતક કાંતિભાઈ જન્મ દિને મોટેરા
૧૦૧/- પટેલ કાવ્યા કેતનભાઈ જન્મ દિને સાબરમતી
૨૦૧/- પટેલ નટવરભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૧૦૧/- અ.નિ. પટેલ બળદેવભાઈ કેશવલાલ શ્રાધ્ધ નિમિત્તે સોજા
૧૦૦/- પટેલ કનુભાઈ કેશવલાલ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- પટેલ દેવ અનીલકુમાર જન્મ દિને ગુલાબપુરા
૨૦૦/- પટેલ નિલકંઠ કેતનભાઈ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- ઘનશ્યામભાઈ ભાદરવા વદ-૧૦ શ્રાધ્ધ નિમિત્તે ગુલાબપુરા
૨૦૦/- પટેલ ધ્રુવ ઘનશ્યામભાઈ અ.નિ. દાદી નાથીબા ગુલાબપુરા
અને દાદા મોતીદાસના શ્રાધ્ધ નિમિત્તે
૧૫૦/- કોઠારી રમેશભાઈ વાલજીભાઈ અમેરિકા પ્રવાસ નિમિત્તે ગવાડા
૧૦૦/- અ.નિ. ડાહીબેન ઈશ્વરદાસ પટેલ વેડાગોવિંદપુરા
૧૦ મી પુણ્ય તિથિ નિમિત્તે
૨૫૧/- પટેલ સત્યમ ઉપેન્દ્રકુમાર અસલાલી
એલ.એન્ડ ટી. માં કાયમી થયા તે નિમિત્તે
૧૦૧/- અ.નિ. ઠક્કર લાલજીભાઈ કાળીદાસ પુણ્ય તિથિ નિમિત્તે અમદાવાદ
૧૨૫/- એક હરિભક્ત બહેન શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૦/- શાહ જયેશભાઈ અમીચંદ બાપુનગર
ચિ. ધ્રુવીને કેનેડાના વિઝા નિમિત્તે
૧૦૦/- અ.નિ. રમણભાઈ જીવાભાઈ પટેલ શ્રાધ્ધ નિમિત્તે નરોડા
૧૫૧/- જાની ઉપેન્દ્રકુમાર ઘનશ્યામભાઈ જન્મ દિને સાબરમતી
૨૫૦/- પટેલ હરિકૃષ્ણભાઈ બી. નવી ગાડી લીધી તે નિમિત્તે વિહારવાળા
૧૦૦/- સોલંકી ત્રિશા ઉમેશભાઈ જન્મ દિન નિમિત્તે અમદાવાદ
૧૫૧/- ઠા. છગનલાલ દેવચંદ પરિવાર શ્રાધ્ધ નિમિત્તે આદીપુર-કચ્છ
૨૦૦/- પટેલ જીજ્ઞેશકુમાર સુમનભાઈ સાબરમતી
અમેરિકા નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે
૧૦૦/- પટેલ જાનકી સંજયભાઈ જન્મ દિને અમદાવાદ
૧૦૧/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાવળા
૧૦૦/- ડૉ. સ્વાતિ ચિંતન મારવી નવું એકટીવા નિમિત્તે જીરાગઢ
૧૧૧૧/- જાદવ રમેશભાઈ ચતુરદાસ તથા રંજનબેન રમેશભાઈ અમદાવાદ
સીડની ઓસ્ટ્રેલીયા પ્રવાસ નિમિત્તે
૨૦૦/- પટેલ ગોકુળભાઈ રવજીભાઈ બાપુનગર
તેમના માતા-પિતાના શ્રાધ્ધ નિમિત્તે
૧૦૧/- કા. હરેશકુમાર નટવરલાલ નવા મકાન નિમિત્તે કોઠંબા
૫૦૧/- પટેલ મયંક ભરતભાઈ જોબ નિમિત્તે સાપાવાડા
૧૦૦/- ચૌહાણ રમેશચંદ્ર જીવરામભાઈ નવું એકટીવા નિમિત્તે અમદાવાદ
૧૦૧/- રાજપૂત પ્રણવસિંહ નરેશકુમાર બળોલવાળા
ચિ. પુત્ર દ્વિજરાજના જન્મ નિમિત્તે
૧૫૧/- પટેલ રાજેશભાઈ સોમાભાઈ ધનસુરા
નવી સ્વીફ્ટ ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ ભોળાભાઈ વિઠ્ઠલદાસ વિહાર
તેમના માતુશ્રીની પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૦/- પટેલ ભવ્ય જીજ્ઞેશભાઈ જન્મ દિને દહેગામ
૧૦૦/- વરુ હર્ષકુમાર રાજેશભાઈ અમદાવાદ
પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ૪૧ માં જન્મોત્સવ પ્રસંગે
૧૦૦/- વરુ દર્શનકુમાર રાજેશભાઈપ.પૂ. લાલજી મહારાજશ્રીનાઅમદાવાદ
જન્મોત્સવ પ્રસંગે (અષાઢ વદ-૧૦)
૧૫૧/- પટેલ જયંતીભાઈ બેચરભાઈ સાબરમતી
ચિ. પુત્રી એકતાના કેનેડા પ્રવાસ નિમિત્તે
૧૦૦/- ભાવસાર મહેશકુમાર ચુનીલાલ વિસનગર
પ.પૂ. મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે
૧૦૦/- પરમાર અરજણભાઈ ત્રિકમભાઈ બળોલવાળા
અમદાવાદમાં નવુ મકાન લીધુ તે નિમિત્તે
૧૦૧/- કા. ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ
૧૦૧/- શેઠ વૈભવ રજનીકાન્ત બાકોર
બી.એ.આર.સી. - લેવલ વન પાસ નિમિત્તે
૧૦૦/- પટેલ કુશિવ શનિ જન્મ પ્રસંગે અમદાવાદ
૧૧૧/- પટેલ કુમુદબેન રમેશભાઈ જેતલપુર ગુરુકુળ
અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે
૧૦૧/- પટેલ ચિનુભાઈ હરગોવિંદદાસ તા. ૧૫-૧૦ જન્મ દિને મોખાસણ
૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૧/- સોની લલીતરાય અમરશીભાઈ ચિ. ઈશાનના જન્મ દિને અમદાવાદ
૧૦૧/- સોની લલીતરાય અમરશીભાઈ અમદાવાદ
ચિ. ધવલભાઈના જન્મ દિને
૧૧૦/- પટેલ માધવલાલ અંબાલાલ ચિ. પંકજના લગ્ન નિમિત્તે ચડાસણા
૧૧૦/- પટેલ કલ્પેશભાઈ માધવલાલ ચિ. દેવર્ષના જન્મ દિને ચડાસણા
૧૧૧/- પટેલ ચંદ્રેશભાઈ રમેશભાઈ ગાંધીનગર
ધો-૧૧ સાયન્સ પ્રથમ સેમીસ્ટરમાં પાસ નિમિત્તે
૨૦૧/- સુતરીયા ગુલાબભાઈ રાઘવભાઈ અમદાવાદ
ચિ. હિમાંશીના જન્મ અને નવા બાઈક નિમિત્તે
૧૧૧/- પટેલ દશરથભાઈ મણીલાલ નવું બાઈક નિમિત્તે વડુ

૧૦૧/- મીસ્ત્રી કિરણકુમાર મનસુખલાલ નવું બાઈક નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ બિજલબેન કિરણભાઈ જન્મ દિને મુંબઈ
૧૦૦/- મોદી દિપ્તિ મિતેષ તેજસભાઈ અમદાવાદ
આઈ.સી.ડબલ્યુ.એ. થયા તે નિમિત્તે
૧૦૦/- અ.નિ. માણેકબેન દયાશંકર ત્રિવેદીના સ્મરણાર્થે બાલાસિનોર
૩૦૧/- પટેલ અમૃતભાઈ સેંધાભાઈ કુંડળવાળા
પૌત્ર-પૌત્રી કૃષાન-કૃષિતાને સારા ટકા સાથે સ્કોલરશીપ નિમિત્તે
૧૦૦/- પટેલ રસિકભાઈ ભગત વેડાગોવિંદપુરા
પૌત્રી જીયાબેનના જન્મ નિમિત્તે
૧૦૦/- પટેલ રસિકભાઈ ભગત વેડાગોવિંદપુરા
અમેરિકા મધુબેનને મળવા નિમિત્તે
૧૦૧/- વાઘેલા મહેન્દ્રસિંહ ભાવુભા શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા મનહરબા મહેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૦/- ચોટલીયા દિનેશભાઈ મહેશભાઈ પુત્રી વૈભવીના જન્મ પ્રસંગે સુરત
૧૫૧/- પટેલ ઉષાબેન દિલીપભાઈ ચિ. રોનકની સગાઈ નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ હિરલબેન હિતેષભાઈ પુત્રીના જન્મ પ્રસંગે અમદાવાદ
૧૦૧/- વાઘેલા શિવસિંહ વેલુભા શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૧/- ભાવસાર ઈશ્વરલાલ અંબાલાલ મોટપ
તેમના મોટાભાઈની ૧૦ મી પુણ્ય તિથિ નિમિત્તે
૨૦૧/- પટેલ વંશ મિનેષભાઈ નારણભાઈ જન્મ દિને ડાંગરવા
૧૦૧/- પટેલ મેધાવી ગૌરાંગભાઈ ચિ. સુહાનીના જન્મ દિને ઈશનપુર
૫૦૧/- પટેલ મનીષા ગૌરાંગભાઈ ચિ. દિયાના જન્મ દિને સૂરજ
૧૫૧/- પટેલ સરોજબેન મહેન્દ્રભાઈ નૂતન વર્ષે શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
૧૫૧/- પટેલ મહેન્દ્રભાઈ નાથાલાલ નૂતન વર્ષ શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
૧૦૧/- પટેલ વિરેન મહેન્દ્રભાઈ નૂતન વર્ષ શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
૧૦૧/- પટેલ કિરણ મહેન્દ્રભાઈ નૂતન વર્ષ શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
૧૫૧/- અ.નિ. ચૌધરી બહેચરભાઈ ભેમાભાઈના સ્મરણાર્થે માણેકપુર
૧૦૧/- ચાવડા હર્ષાબેન અજમલભાઈ વધાડા
પ.પૂ. મહારાજશ્રીના ૪૧ માં જન્મોત્સવ પ્રસંગે
૧૦૧/- ચાવડા જયશ્રીબેન લક્ષ્મણભાઈ નવાગામ
ટેટની પરીક્ષામાં પાસ નિમિત્તે
૨૦૧/- દેસાઈ ભલાભાઈ શંકરભાઈના સ્મરણાર્થે આદરીયાણા
૧૦૧/- વાઘેલા વસુભા હેમુભા શ્રીજી પ્રસન્નાર્થે બામણવા
૨૦૦/- પટેલ મહેશભાઈ કાશીભાઈ નવું ટ્રેક્ટર લાવ્યા તે નિમિત્તે લસુન્દ્રા
૧૦૦/- પટેલ દશરથભાઈ ગોવિંદભાઈ નવું બાઈક નિમિત્તે ધમીજ
૨૦૦/- પટેલ પંકજભાઈ અરવિંદભાઈ જન્મ દિને કરજીસણ
૫૦૧/- સાપરીયા શાંતિલાલ ડાહ્યાલાલ પુત્રીના લગ્ન પ્રસંગે મુંબઈ
૧૦૦/- મકવાણા મણીલાલ શામજીભાઈ અમદાવાદ
પૌત્રી નમ્રતાના જન્મ દિને
૧૦૧/- પટેલ ચંચળબેન રમેશચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ જયંતીભાઈ અંબાલાલ ભાણીબાના જન્મ પ્રસંગે માણસા
૧૦૦/- પટેલ સવિતાબેન મનુભાઈ ડેમાઈ
પૂ. મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે
૧૦૦/- પટેલ પ્રેમજીભાઈ મગનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે આકરૂંદ
૧૦૦/- પટેલ ઉન્નત ચંદ્રેશકુમાર જન્મ દિને આકરૂંદ-બાયડ
૧૦૦/- પટેલ આસ્થાબેન હિતેષભાઈ જન્મ દિને ધનસુરા
૧૦૧/- અ.નિ. સુરજબાના સ્મરણાર્થે સાબરમતી
૧૧૧/- પટેલ પ્રવિણભાઈ અંબાલાલ નવી ગાડી નિમિત્તે ઉવારસદ
૧૦૦/- પટેલ નિતીનભાઈ બળદેવભાઈ પુત્ર જન્મ પ્રસંગે પચ્છમ
૧૦૧/- દરજી મનોજભાઈ અશોકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૨૦૧/- પટેલ વિરલકુમાર મનુભાઈ જન્મ દિને નાંદોલ
અને ઓસ્ટ્રેલીયાના સીટીઝન નિમિત્તે

**મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર જોડીયામાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશના મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના હાલાર પ્રદેશના નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિર જોડીયા (જી. જામનગર)માં શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં તા. ૧૬-૧૧-૧૩ થી તા. ૧૮-૧૧-૧૩ પર્યન્ત ત્રિદિનાત્મક કથા પારાયણ, યજ્ઞ અને મૂર્તિ પ્રતિષ્ઠા ધામધૂમથી સંપન્ન થશે.

શા.સ્વા. છપૈયાપ્રસાદદાસજી
અને મૂળી દેશના હાલારના
સમસ્ત હરિભક્તો

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**મુંબઈ :** આપણા પ.ભ. ધર્મપ્રસાદભાઈ શુકલના મોટા બહેન ગં.સ્વ. લીલાવતીબેન રમણલાલ દણાક ભાદરવા સુદ-૪ ને તા. ૯-૯-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

**માણેકપુર :** પ.ભ. બહેચરભાઈ ભેમાભાઈ ચૌધરી (માજી કોઠારી) તા. ૧૩-૧૦-૧૩ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.


**અમદાવાદ :** પ.ભ. રમણભાઈ બબલદાસ ગજ્જરના ધર્મપત્ની ચંપાબેન તા. ૩-૧૦-૧૩ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

# નૂતન વર્ષાભિનંદન

વિક્રમ સંવત ૨૦૭૦ના નૂતન વર્ષના આપ સૌને શ્રી હરિ સ્મૃતિ સહિત જય શ્રી સ્વામિનારાયણ

વિ.સં. ૨૦૭૦ નું નૂતન વર્ષ આપ સૌને ખૂબજ સુખદાયી, જીવનમાં હર્ષોલ્લાસ, આનંદમય સમગ્ર પ્રકારે સુખ શાંતિ સાથે સ્વસ્થ અને સુંદર આરોગ્ય રહે. તેમજ સર્વોપરિ શ્રી હરિની કૃપાદૃષ્ટિ અને તેમના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સદૈવ કૃપા આશીર્વાદ વરસતા રહે અને ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે અને સર્વાવતારી શ્રીજી મહારાજની સર્વોપરિ ઉપાસના દૃઢ થાય તેવી આજના નૂતન વર્ષના શુભ મંગલદિને પરમ કૃપાળુ શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના છે.



લિ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી
તથા સંત મંડળના
નૂતન વર્ષના શ્રીહરિ સ્મૃતિ સહિત
હાર્દિક જય શ્રી સ્વામિનારાયણ

**શ્રી સ્વામિનારાયણ મંદિર- કાલુપુર, અમદાવાદ - ૩૮૦ ૦૦૧**







સંતરામપુર ગામે શ્રી હનુમાનજીના શતામૃત પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને સભામાં યજમાન પરિવાર સાથે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી

Registered under RNI-GUJGUJ/2007/20221 "Permitted to post at Ahd PSO on 11 the every month under postal REG. NO. GAMC.- 003/12-14 issued ssp Ahd Valid up to 31-12-2014 Licenced to Post without pre payment No.CPMG/GJ/01/2012 valid up to 30-06--2014















श्रीनरनारायणदेव
महोत्सव

(૧) શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં શરદ પૂર્ણિમાના શરદોત્સવ ધામધૂમથી ઉજવાયો. (૨) નારાયણઘાટ મંદિર ખાતે શરદોત્સવ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ લેતા યજમાનશ્રી અને ઠાકોરજીની આરતી ઉતારતા પૂ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી. (૩-૪) લેસ્ટર તથા કેનેડા મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૧ માં જન્મોત્સવની ઉજવણી. (૫) જેતલપુર અક્ષર મહોલ વાડીમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સરસ્વતી પૂજન

**વિશ્વનું સંપ્રદાયનું સૌ પ્રથમ મહા મંદિર કાલુપુર નિજ મંદિરનો જીર્ણોદ્ધાર અને પરમ કૃપાળુ શ્રી નરનારાયણાદિ દેવોનાં નૂતન ભવ્ય સુવર્ણ સિંહાસનનું કામ પૂર્ણ થતાં ડિસેમ્બર ૨૦૧૪માં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ અધ્યક્ષતામાં મહા મહોત્સવ ધામધૂમથી ઉજવાશે.**

Praful Kharsani